પરિવર્તનનું પ્રથમ પગલું

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ફૂલો ખીલે છે અને ખરે છે. નદીઓ રહે છે અને વહે છે. સૂર્ય-ચંદ્ર ઊગે છે અને આથમે છે. કેલેન્ડરનાં પાનિયાં રોજેરોજ ઉખડતાં જાય છે.

પ્રભુપ્રેરિત પરિવર્તનની આ પરંપરા સામે મનુષ્યે પણ પરિવર્તનની એક શૃંખલા ખડકી છે. ગિરિગુહામાં વસનારો માનવી આજે ગગનગુહામાં વિહરી રહ્યો છે. એક સમયે ખરી પડેલાં ફળ ખાઈને જીવન ગુજારતો માનવ આજે ભાતભાતની વાનગીઓ આરોગી રહ્યો છે. સંદેશાવ્યવહાર માટે કબૂતર ઉડાડતો મનુષ્ય આજે એક પળમાં પોતાનો અવાજ દરિયાપાર પહોંચાડી રહ્યો છે. પહેલાં માણસ માટે પોતાનું ગામડું એ જ દુનિયા હતી. આજે માનવીય પરિવર્તનોએ દુનિયાને ગામડામાં પરિવર્તિત કરી દીધી છે.

પરંતુ આશ્ચર્ય કહો કે કરુણતા – આ પરિવર્તનોની પરંપરાનું પરિણામ માણસ માટે મારું આવ્યું હોય તેમ નથી જણાતું? પરિવર્તનનો પવન ફૂંકવા પાછળ માનવીનો હેતુ હતો – સુખી થવાનો, નિરાંત અને હાશ અનુભવવાનો, પરંતુ તેના બદલે શું મળ્યું છે માનવજાતને?

ટી. એસ. એલિયેટ કહે છે : 'What did 20 centuries do? Endless invention, endless experiment, brings knowledge of motion, but not of stillness. All our knowledge brings us nearer to ignorance. All our ignorance brings us nearer to death and nearer to dust.' અર્થાત્ અસંખ્ય શોધ-સંશોધનોએ આપણને ગતિનું જ્ઞાન આપ્યું, પરંતુ સ્થિરતાનું નહીં. આપણું સઘળું જ્ઞાન આપણને વિનાશની નજીક લઈ આવ્યું છે.

> **હા, પરિવર્તનોએ દુનિયાને નાની બનાવી, પણ પ્રશ્નોને વિકરાળ કરી મૂક્યાં છે. આવું શાથી બન્યું?**

હા, પરિવર્તનોએ દુનિયાને નાની બનાવી, પણ પ્રશ્નોને વિકરાળ કરી મૂક્યાં છે. આવું શાથી બન્યું? ખાટલે મોટી ખોડ ક્યાં રહી ગઈ? એક જવાબ છે – પરિવર્તનના પ્રથમ પગલાંની પસંદગીમાં માણસ ગોથું ખાઈ બેઠો.

સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે 'કેવળ રાફડા પર લાકડી પછાડવાથી અંદરના સાપને હણી શકાતો નથી.' ભીતરની શાંતિ અને જંપ જોઈતાં હોય તો કેવળ બાહ્ય પરિવર્તનોથી કાંઈ નહીં વળે. રાફડા પર લાકડી પછાડો ત્યારે દરમાં ભરાઈ રહેલો સાપ તો નિરાંતે સૂતો રહે છે. તેમ તમે કપડાં બદલો, વાહનો બદલો, ખાવાની વાનગીઓ બદલો... તે બધું બાહ્ય પરિવર્તન છે. તેથી અંદરની અશાંતિને કોઈ ખલેલ નથી પહોંચવાની. અંદરની શાંતિ જોઇએ છે તો અંદરથી પરિવર્તિત થાઓ.

અંદરનું પરિવર્તન એટલે આપણાં વલણોનું પરિવર્તન. આપણા અભિગમ અને દૃષ્ટિકોણનું પરિવર્તન. આવો એક અભિગમ આ વર્ષે જેઓની જન્મશતાબ્દી ઊજવાઈ રહી છે તે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શીખવા મળે છે.

તા. ૫/૮/૧૯૮૫ની બપોરે લંડનમાં બિરાજમાન આ સંતના સાંનિધ્યમાં ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાઈ રહેલો. તે નિમિત્તે ભારતથી અહીં વિલાયત પધારેલા કેટલાક સંતો ઉત્સવ બાદ ભારત પરત ફરતાં કો'કે કહ્યું : 'સ્વામીજી ! આજે ઘણા-બધા સંતો જતા રહ્યા.'

'એવું ન કહેવું. બાર જ સંતો ગયા છે. ચોવીસ તો રહ્યા છે. પ્યાલો અડધો ખાલી છે' એમ ન કહેવું. 'અડધો ભરેલો છે' તેમ કહેવું.' પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા.

અડધા ભરેલા ગ્લાસને બે રીતે જોઈ શકાય છે. જે અડધો ખાલી જોશે તેને અધૂરપનો અહેસાસ મળશે. જે અડધો ભરેલો જોશે તેને પ્રાપ્તિનો આનંદ મળશે. આમ, સુખી બનવાની કે દુઃખી રહેવાની ચાવી આપણા વલણ પર આધારિત છે.

પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં સવળું જોવાનું જ શીખવતા, જેથી આંખોની સાથે આયખું પણ સફળ થઈ જાય.

વાચકો! ચાલો, આપણે પણ પોતીકાં વલણો, અભિગમોને માંજીએ. બદલવાની જરૂર લાગે તો બદલીએ, કારણ કે આપણી અણસમજ કે અધૂરી સમજને ફગાવી દેવામાં કદી મોડું થતું નથી. આ રીતે જો બાહ્ય પરિવર્તનની સાથે આંતર પરિવર્તનનો મેળ જામી જશે તો જીવન વધુ આનંદદાયી બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

કહ્યું જ છેને કે

सोच को बदलो, सितारे बदल जायेंगे;
नज़र को बदलो, नज़ारे बदल जायेंगे।
कश्तियाँ बदलने की ज़रूरत नहीं,
दिशा को बदलो, किनारे बदल जायेंगे।

sanskar@sandesh.com

સાચું રોકાણ કયું?

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક નાનાં ભાઈ-બહેન બજારમાં ફરવા ગયાં. ભાઈએ પૂછ્યું, 'તારે કાંઈ લેવું છે?' બહેન કહે, 'મારે એક ઢીંગલી લેવી છે.' બંને સ્ટોરમાં ગયાં. કાઉન્ટર પર બેઠેલા વૃદ્ધ આ બાળકોને જોઈને ખુશ થયા. બહેને એક આકર્ષક પોશાકવાળી ઢીંગલી પસંદ કરી. માલિકે પૂછ્યું, 'તમારી પાસે પૈસા છે?' બંને મૂંઝાઈ ગયાં. ભાઈએ પોતાના ખિસ્સામાંથી સમુદ્રનાં છીપલાં ટેબલ પર મૂક્યાં. માલિકે છીપલાં તરફ જોયું ને બીજી બાજુ ઢીંગલી તરફ જોયું. તેઓ બાળકની મૂંઝવણ પારખી ગયા. બાળકને લાગ્યું કે 'વૃદ્ધને વધારે છીપલાં જોઈએ છે' તેથી તેણે વધારે છીપલાં આપ્યાં. વૃદ્ધે છીપલાં ગણીને વધારાનાં છીપલાં પાછાં આપી દીધાં. બહેન-ભાઈ ઢીંગલી લઈને જતાં રહ્યાં, પણ આ દૃશ્ય જોનાર નોકરે આશ્ચર્યથી માલિકને પૂછ્યું કે, 'સામાન્ય છીપલાંથી ઢીંગલી અપાતી હશે?' ત્યારે વૃદ્ધ માલિકે કહ્યું કે, 'આ બાળકો મોટાં થશે ત્યારે તો તેમને ખબર પડશે ને કે આપણે એકવાર છીપલાંને બદલે ઢીંગલી લઈ આવ્યાં હતાં. તેમના જીવનમાં આવો પ્રસંગ બનશે ત્યારે તેઓ પણ નાનાં બાળકોને છીપલાંને બદલે ઢીંગલી આપી દેશે, પણ ઢીંગલી છીનવી નહિ લે, પણ જો મેં તેની પાસેથી ઢીંગલી છીનવી લીધી હોત અને છીપલાં ફેંકી દીધાં હોત, તો તેઓ પણ મોટો થઈ આવું જ કાર્ય કરત.'

ખરેખર, બાળકો એ સમાજનું ભવિષ્ય છે. એમનું યોગ્ય જતન, પોષણ અને સંસ્કરણ ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી શકે છે.

હા, આ કાર્ય કરવા માટે આપણે ઘસારો વેઠવો પડે અને સમય પણ ફાળવવો પડે. પરંતુ આ રોકાણ કેવળ આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે.

અહીં એક પ્રસંગ રજૂ કરવાનું મન થાય છે, એકવાર પ્રમુખસ્વામી મહારાજ મુંબઈમાં બીરાજમાન હતા, તેઓ મુંબઈમા રાત્રી ભોજન લઈ રહ્યાં હતાં. સામાન્યરીતે પ્રમુખ સ્વામીનાં ભોજન દરમિયાન સ્થાનિક સંતો કે સ્થાનિક કાર્યકર્તાઓ સ્થાનિક કાર્યવાહી, સત્સંગ પ્રવૃત્તિ અથવા તો કોઈ પ્રોજેક્ટ થયો હોય તેનું રિપોર્ટિંગ સ્વામીજીને આ સમયે કરતાં હોય છે. સ્વામીજી એ સમયે આ બધાં માટે સમય ફાળવતાં તો ઘણીવાર નાના બાળકો કે કિશોરો પણ આવીને ભોજન સમયે પોતાની કલાકૃતિ રજૂ કરતાં. પ્રમુખ સ્વામી મહારાજ જમવાના સમયનો પણ આ રીતે સદઉપયોગ કરતાં. આ રોજિંદા કાર્યક્રમમાં એકવાર સ્વામીજી પાસે પાંચ વર્ષનો નાનો બાળક નિલકંઠ પારેખ એ દિવસે સ્વામીજીનાં ભોજન દર્શનમાં બેઠો હતો. એ પછી બીજે દિવસે એ બાળક નિલકંઠ સ્વામીજી પાસે તેમના દર્શને આવ્યો. તેણે કહ્યું સ્વામીજી કાલે હું આપનાં દર્શને આવેલો, એ સમયે મેં જોયું કે તમે જમી લીધાં બાદ તમારા મોઢામાં જે સુંદર ચમકદાર દાંત છે તેને બહાર કાઢ્યા અને તમે તેને ધોવા લાગ્યાં હતાં. મને એ આઈડિયા ખૂબ ગમ્યો એટલે મેં પણ ઘરે જઈને મારા દાંત કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તે નીકળ્યા જ નહીં. સ્વામીજી એ તેને સમજાવ્યું કે તારે એ રીતે દાંત કાઢવાનો પ્રયત્ન નહીં કરવાનો. તું તો હજી ખૂબ નાનો છે એટલે તારા દાંત આ રીતે ન નીકળે, મારા દાંત મારી ઉંમરને કારણે પડી ગયા છે, પડી ગયેલાં દાંતની જગ્યાએ મેં નવા દાંત લગાવડાવ્યા છે.

રોકાણો કર્યા પછી પણ જો સંતાનોને યોગ્ય રીતે પલોટ્યા નહિ હોય તો એકઠાં કરેલાં કીર્તિ કે ધનને તેઓ ક્યાંય રોળી નાંખશે

એ સમયે નિલકંઠે કહ્યું, સ્વામીજી તમે મને ફરી તમારા દાંત કાઢી બતાવશો? સ્વામીજી એ સસ્મિત ફરી દાંતનું ચોકઠું તેની સામે કાઢ્યું, નિલકંઠ કહે હવે મોઢું ખોલીને બતાવશો? સ્વામીજી એ એમ પણ કર્યું. નિલકંઠ ખુશ થઈ ગયો અને સ્વામીજીના દર્શન કરીને જતો રહ્યો. નિલકંઠની ઈચ્છા સહેજપણ આનાકાની વગર સસ્મિત પૂરી કરતા સ્વામીજીને નિહાળીને તેમના દર્શને આવેલાં બધાંને ખૂબ જ નવાઈ લાગી. તેમણે કહ્યું, સ્વામીજી આપ બાળકની સાથે કેટલું ધીરજથી કામ લીધું અને તેની ઈચ્છા પૂરી કરી. સ્વામીજીએ તેમને તો ઉત્તરમાં માત્ર સ્મિત જ આપ્યું પણ બાળકોને મહત્વ આપવું, તેમની ઈચ્છા પૂરી કરવી એ તેમનો સ્વભાવ હતો પ્રમુખસ્વામી મહારાજને તે ખૂબ ગમતું હતું.

સામાન્ય રીતે આપણે પૈસાનું કે સંબંધોનું રોકાણ કરવામાં અત્યંત જાગૃતિ રાખીએ છીએ, સાવચેતીપૂર્વક પગલાં ભરીએ છીએ કારણ કે આપણને એ રોકાણ દ્વારા ભવિષ્યની સલામતીની નિશ્ચતતા મળે છે. પણ આવાં રોકાણો કર્યા પછી પણ જો સંતાનોને યોગ્ય રીતે પલોટ્યા નહિ હોય તો એકઠાં કરેલાં કીર્તિ કે ધનને તેઓ ક્યાંય રોળી નાંખશે. પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતા કે, 'તમે જો તમારાં સંતાનોને સંસ્કાર નહિ આપો તો સંપત્તિ અને સંતતિ બન્ને ગુમાવવાનો વારો આવશે.'

વિચાર આપણે કરવાનો છે કે, આપણે આપણાં સંતાનોમાં કેટલું રોકાણ કરીએ છીએ? એમને કેટલો અગ્રતાક્રમ આપીએ છીએ?

sanskar@sandesh.com

સાદગીનું સૌંદર્ય

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આ જે વેચાણમાં આવેલું ઉત્પાદન આવતીકાલે જૂનું થઈ જાય એટલી હદે ચીજ-વસ્તુઓ બજારમાં ઠલવાઈ રહી છે. વસ્તુઓનો આ ભરાવો માનવીનાં મનને ચકરાવે ચડાવી દે છે. તેથી તેને પોતાની પાસે જે છે તે પુરાણું લાગવા માંડે છે. માર્કેટમાં નવો ફોન આવતાં જ પોતા પાસે રહેલો ફોન માનવીને નકામો લાગવા માંડે. બજારમાં નવા બૂટ-ચંપલ મુકાતાં વ્યક્તિને પોતાનાં જોડાં જુગજૂના થઈ રહે છે. પરંતુ દરેકની ખરીદશક્તિ સીમિત હોવાને કારણે તે જે નવું આવે તેને ઘરમાં વસાવી નથી શકતો. તેને કારણે છતી વસ્તુએ મનુષ્યને અધૂરપનો અહેસાસ અનુભવાય છે. કેટલાક કુટુંબોમાં તો કંકાસ પણ વકરે છે, કારણ કે ઘરના સભ્યો જે નવી વસ્તુની માંગણી મૂકે તે સંતોષવાની ત્રેવડ ઘરના મોભી પાસે ન હોય. તેથી શરૂ થયેલી ચડભડ ક્યારેક તો મારામારી સુધી પહોંચી જાય. પિતા દ્વારા વસ્તુઓ ન મળતાં ઘણીવાર તો સંતાનો ચોરીના રવાડે ચડી જાય.



સાદગીનું આ સૌંદર્ય સરદાર પટેલ પાસે હતું. તેઓના ચશ્માંનું ખોખું વીસ વર્ષ જૂનું હતું. તેઓની ઘડિયાળ ત્રીસ વર્ષ જૂની હતી

આવા સમયે મોટાપુરુષોનું જીવન આપણા માટે દર્પણ સમાન છે. પ્રમુખસ્વામી મહારાજ તા. ૧૫/૮/૧૯૭૭ના રોજ તેઓની આંખોના બદલાયેલા નંબર અનુસાર નવાં ચશ્માંની આવશ્યકતા હતી. તે સમયે ઉપસ્થિત ડોક્ટરે નવા નંબર મુજબના નવા ચશ્મા કરવા માટે સ્વામીજીને જણાવ્યું. ત્યારે સાદાઈના પૂજારી એવા સ્વામીશ્રીએ જણાવ્યું કે, 'જૂની ફ્રેમમાં જ નવા કાચ ફિટ કરી આપો.'

આ સાંભળી સાથે આવેલા હરિભક્તએ વિનંતી કરી કે 'સ્વામીજી! ફ્રેમ જૂની થઈ ગઈ છે. બદલી નાંખો ને!'

'મારે જોવાનું ફ્રેમમાંથી છે કે કાચમાંથી?'

પ્રમુખસ્વામી મહારાજની આ ધારદાર દલીલ સામે કોઈ કાંઈ ન બોલી શક્યું. તેથી નવા કાચ જૂની ફ્રેમમાં જ જડાયા, પણ સ્વામીશ્રીની સાદગી તો સૌનાં હૈયે જડાઈ ગઈ.

અહીં તેઓનો પ્રતિભાવ મનુષ્યને અધૂરપની પરેશાનીથી બચાવે એવો છે. તેઓની નજર જરૂરિયાત પર રહેતી, વૈભવ તરફ નહીં. જોવાનું છે તો ચશ્માંનો કાચ બદલાય તેટલું પૂરતું છે. તેમાં ફ્રેમ બદલવાની શું જરૂર ?

વિશ્વવિખ્યાત તત્ત્વચિંતક થોરોએ કહ્યું છે, 'નવાં નવાં કપડાં મેળવવાની બહુ માથાકૂટમાં ન પડો. તે બધો શક્તિનો નિરર્થક વ્યય છે. નાની નાની વિગતોમાં જ આપણું જીવન વેરણ-છેરણ થઈ જાય છે. પરંતુ તમારો હિસાબ અંગૂઠાના નખ પર લખી લેવાય એટલો રાખો.'

આમ કરવું તે આપણી વ્યક્તિગત પ્રગતિ અને ઊર્ધ્વગતિ માટે પણ જરૂરી ખરું. આપણે સમજી શકીએ છીએ કે પોતાના ખભે દસ કિલો વજન ઊંચકીને દોડનારા કરતાં ખાલી ખભે દોડનારો વધુ વેગવાન રહેશે. બેય હાથમાં પાંચ-પાંચ કિલોનાં વજનિયાં ઊંચકીને પગથિયાં ચઢનારા કરતાં ખાલી હાથે ચઢનારો ઝડપથી ઉપર જશે. તે જ રીતે બિનજરૂરી વસ્તુઓનો ભાર અને ભરાવો આપણી જ પ્રગતિને રૂંધે છે. એટલું જ નહીં, તે તે બિનજરૂરી ચીજો આપણને તેના ગુલામ બનાવી દે છે. તે વિના આપણે કામ ન કરી શકીએ એવા પંગુ બની જઈએ છીએ. જ્યાં સુધી તે આપણને ન મળે ત્યાં સુધી આપણું મન ક્યાંય ચોંટતું નથી. તેથી કોઈ કામમાં બરકત આવતી નથી.

તેથી અમેરિકન વિચારક એમર્સને તારણ આપ્યું છે કે 'To be simple is to be great.' સાદું જીવન બનવું એ મહાનતા છે. તેમાં જ સ્વસ્થતા અને સુંદરતા રહેલી છે તે જણાવતાં જર્મન ચિંતક ગેટે કહે છે, 'The ideal of beauty is tranquility and simplicity.'

સાદગીનું આ સૌંદર્ય સરદાર પટેલ પાસે હતું. તેઓના ચશ્માંનું ખોખું વીસ વર્ષ જૂનું હતું. તેઓની ઘડિયાળ ત્રીસ વર્ષ જૂની હતી. તેઓ ગોબાયેલો લોટો વાપરતા. તેઓ અવસાન પામ્યા ત્યારે તેઓના ખાતાંમાં બસો-અઢીસો રૂપિયા જ હતા ! કેવળ ચાર જોડી કપડાંથી તેઓ ચલાવતા. ચશ્માંને પણ એક જ દાંડી હતી. બીજી તરફ દોરો હતો. આવા મહાપુરુષોની છબીઓ દીવાલની સાથે કંઈકના દિલમાં પણ વસી જાય છે. તેઓ જીવનમાં કદી અધૂરપ અનુભવતા નથી. તેઓના જેવી સાદાઈ જે અપનાવે તે પણ પોતાના જીવનમાં શાંતિ અને આદર પામી શકે એમ છે.

sanskar@sandesh.com

ચાલો, એક નવો પ્રયોગ કરીએ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક વખત એક ૧૦ વર્ષના બાળકે આઈસક્રીમની દુકાને જઈ વેઈટરને પૂછ્યું કે, 'ચોકલેટ આઈસ્ક્રીમનો કપ કેટલા રૂપિયાનો છે?' વેઈટરે કહ્યું કે, '૧૫ રૂપિયાનો.' બાળક પોતાના ખિસ્સામાંથી પરચૂરણ કાઢીને ગણવા લાગ્યો. પરચૂરણ ગણીને બાળકે વેઈટરને બીજો પ્રશ્ન પૂછ્યો કે, 'બટરસ્કોચ આઈસક્રીમનો કપ?' વેઈટરે બાળકની આ હરકત જોઈને અણગમા સાથે કહ્યું કે, 'એ પણ ૧૫ રૂપિયાનો જ છે.' ત્યારપછી બાળકે ત્રીજો પ્રશ્ન પૂછ્યો કે, 'વેનિલા?' વેઈટરે અણગમા સાથે કહ્યું કે, '૧૨ રૂપિયાનો.' આ સાંભળીને બાળકે કહ્યું કે, 'એ આપો.' વેઈટરે બાળકને તે આઈસક્રીમ આપ્યો. જ્યારે બાળકે આઈસક્રીમ ખાઈ બિલ ચૂકવી વિદાય લીધી ત્યારે વેઈટર ખાલી ડિશ લેવા એના ટેબલ પાસે આવ્યો. તેણે ડિશ ઉપાડી તો નીચે ટીપના ૩ રૂપિયા પડેલા હતા. આ જોઈ વેઈટરને ખ્યાલ આવ્યો કે બાળકે આઈસક્રીમ ખરીદતાં પહેલાં તેને ટીપ રૂપે આપવાના ત્રણ રૂપિયાની ગણતરી કરી હતી, અને એથી જ તેને મનગમતા ચોકલેટ આઈસક્રીમને બદલે વેનિલા આઈસક્રીમની પસંદગી કરી હતી.

સામાન્ય રીતે માણસ પોતાના વિચારોમાં એટલો ડૂબેલો હોય છે કે એને અન્યનો કે અન્યની લાગણીઓનો વિચાર આવતો જ નથી. પણ મહાપુરુષો અહીં જ જુદા પડી જાય છે. તેઓ હંમેશાં બીજા માણસને કેવું લાગતું હશે તેનો વિચાર પ્રથમ કરે છે. આપણે પણ આ નવો પ્રયોગ કરવા જેવો છે - બીજાની લાગણીને સમજવાનો.

આજે તો એવો સમય છે કે, માણસને માણસનો વિચાર નથી આવતો.. ત્યારે પ્રાણીનો વિચાર તો ક્યાંથી આવે? પણ મહાપુરુષોનું અંતર મૂંગાં પશુઓની વેદનાથી પણ એટલું જ દુઃખી થાય છે.

તા. ૭/૫/૧૯૭૭ના રોજ આણંદ પાસેના પેટલાદ ગામમાં પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થવાની હતી. આ પ્રસંગે સ્થાનિક લોકોએ શાનદાર શોભાયાત્રા યોજી હતી. પ્રમુખસ્વામી મહારાજ માટે સફેદ ઘોડાની બગી તૈયાર કરી હતી. નગરયાત્રા આગળથી ચાલવાની શરૂ થઈ, પરંતુ સ્વામીશ્રીની બગીના ઘોડા સહેજ પણ ચાલે નહીં. બગીવાળો ઘોડાને ચાબુકે ચાબુકે મારવા લાગ્યો. સ્વામીશ્રીથી આ સહન થઈ શક્યું નહીં. બગીવાળાને રોકતાં તેઓ બૂમ પાડીને કહેવા લાગ્યા, 'ભાઈ, ઘોડા ન ચાલે તો વાંધો નહીં, પણ એને મારશો નહીં.' એમ કહી સાથેના સંતોને કહેવા લાગ્યા, 'ચાલો, ચાલો, આપણે નીચે ઊતરી જઈએ અને ચાલવા માંડીએ, એમાં શું?' વ્યવસ્થાપક કહે, 'બાપા! આ તો આપની શોભાયાત્રા છે, માટે બગીમાં બેસીએ તો જ સારું લાગે, આપ ચાલતાં જાઓ એ સારું ન લાગે.' સ્વામીશ્રી કહે, 'તો આ સારું લાગે છે?' એમ કહેતાં સ્વામીશ્રી બગીમાંથી ઊતરી ગયા. તેઓની આંખોમાં એક મૂંગા પશુ માટેની અપાર કરુણા અને લાગણી સૌએ નિહાળી.

આપણે સુખ પામવા વલખાં મારીએ છીએ પણ જ્યારે ત્યાં સુધી પહોંચવાની આવી તકો આપણને મળે છે ત્યારે આપણે મોઢું ફેરવી લઈએ છીએ

ભલે આજે જમાનો સ્વાર્થી બનતો જાય છે પણ આપણામાં એટલી કોમળતા તો હોવી જોઈએ કે આપણે બીજાની સંવેદનાને સમજી શકીએ. મહાપુરુષો એ નથી હોતા કે જેમની નગરયાત્રાઓ નીકળતી હોય પણ મહાપુરુષો એ હોય છે કે જે નગરયાત્રા જેવાં સન્માનોની વચ્ચે પણ અન્યનો વિચાર કરી શકે.

આપણે સુખ અને સંતોષ પામવા વલખાં મારીએ છીએ પણ જ્યારે ત્યાં સુધી પહોંચવાની આવી તકો આપણને મળે છે ત્યારે આપણે મોઢું ફેરવી લઈએ છીએ.

હા, અન્યને મદદ કરવામાં ક્યારેક ઘસાવું પડે, ક્યારેક સમય ફાળવવો પડે, ક્યારેક પોતાનું મનધાર્યું મૂકવું પડે, પણ એની સામે જે આંતરિક સંતોષ થાય છે, તે અમૂલ્ય બની રહે છે. આમાં સ્થૂળ ગણતરી કામમાં નથી લાગતી. આ તો સૂક્ષ્મ બાબત છે. જેમાં આપણે આ માર્ગે ચાલીશું પછી જ આપણને તેના પરિણામનો અનુભવ થઈ શકે છે. તો ચાલો આપણે પણ જીવનમાં આ નવો પ્રયોગ કરી જોઈએ - બીજાની લાગણીને સમજવાનો.

sanskar@sandesh.com

ગયેલી તક પાછી નહીં આવે

એક કાવ્યપંક્તિમાં કહ્યું છે,

ગઈ સંપત ફરી સાંપડે, ગયાં વળે છે વહાણ
ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ.

દુનિયામાં તમે ઘણું બધું મેળવી શકો છો, પણ વીતેલો સમય તથા ગયેલો પ્રાણ ક્યારેય પાછો ફરતો નથી. જેમ વહેતી નદી ઉપર ડેમ બાંધી, નદીના પાણીથી વીજળી ઉત્પન્ન કરાય, તો તે નદીના પાણીનો સદુપયોગ કર્યો કહેવાય, તે જ પ્રકારે સમયનું આયોજન કરી સમયને સકારાત્મક કાર્યો તરફ વાળવામાં આવે તો જીવનમાં ઉન્નતિ થાય છે. ફુરસદના સમયે તમે શું કરો છો, તેના પરથી તમારું જીવન અને ચારિત્ર્ય નક્કી થાય છે, અને તેના આધારે તમારી સંસ્કૃતિ.



આજે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં જીવનમાં જોવા મળતી નિષ્ફળતાના મૂળમાં સમયની મહત્તાનો અભાવ છે. ટીવી., ક્રિકેટ, ફિલ્મ, ઓનલાઈન ગેઈમ્સ અને મોબાઈલની પાછળ સમય બગાડનાર વિદ્યાર્થીને જાણ પણ રહેતી નથી કે હું મારી જિંદગીને વહેતા વહેણની જેમ વહાવી દઉં છું. એક વિદ્યાર્થીએ પરીક્ષાના પેપરમાં અંતે પેપર તપાસનારને સંબોધીને લખ્યું:

લાખો કી કિસ્મત તેરે હાથમેં હૈ,
અગર પાસ કર દે, તો તેરા ક્યા બિગડતા હૈ?'
તો પેપર તપાસનારે નીચે લખ્યું;
પુસ્તકોં કી ઢેર તેરે પાસ થી,
થોડા પઢ લિયા હોતા તો,
તેરા ક્યા બિગડતા થા?

આપણે સમયની કિંમત સમજતા નથી એટલે સદુપયોગનું જાણપણું રહેતું નથી. 1 મિનિટની કિંમત ટ્રેન ચૂકી જનાર વ્યક્તિ સારી રીતે સમજી શકે છે

સારી શાળાઓ, પ્રાઈવેટ ટ્યૂશન તથા આવનજાવન માટે મોટરબાઈકની વ્યવસ્થા, ભણવા માટેનો રૂમ... વગેરે ઘણું બધું હોવા છતાં વિદ્યાર્થી નાપાસ થાય છે, તેના મૂળમાં સમયની પરખનો અભાવ. આખો દિવસ ભણીભણીને બિચારો કંટાળ્યો છે, તે ભલેને બે ઘડી ટીવી. કે ફિલ્મ જોતો કે મોબાઈલમાં ગેઈમ રમતો... એમાં શું ખાટુંમોળું થઈ જવાનું છે! આમ, 'બિચારા' કહી પોતાના બાળક પર દયા ખાનાર અને તેમના જીવનની ઈમારતને ખોખલી કરનાર મા-બાપની આંખ ખોલવા માટે પ્રસિદ્ધ વિજ્ઞાની એડિસનનો પ્રસંગ પૂરતો છે. 80મા જન્મદિને એડિસનને તેમના મિત્રએ કહ્યું, 'તમારે આ પ્રયોગો સિવાય જીવનમાં હવે શોખ કેળવવો જોઈએ કે રમતોમાં ભાગ લેવો જોઈએ.' હસતાં હસતાં એડિસને કહ્યું કે, 'હું હજી એવો વૃદ્ધ ક્યાં થયો છું કે મારે આરામ માટે જીવનમાં કીમિયા શોધવા પડે?' જો 80 વર્ષે પણ આરામ માટે કે ફ્રેશ થવા માટે એડિસનને રમતગમત કે બીજા શોખની જરૂર ન હોય તો આપણે એવું તો કોઈ કામ કરતા નથી કે જેમાં કંટાળો આવે કે બિનજરૂરી મનોરંજન પાછળ 2થી 3 કલાક કાઢવા પડે!!!

+વાઈબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

આથી જ, લોકસેવક રવિશંકર મહારાજ કહેતાં કે, 'આપણે આપણા સમયનો હિસાબ રાખવો જોઈએ, આપણાં બધાં કાર્યોનું મૂલ્યાંકન અને તે કાર્યોથી સદગુણોનો કેટલો વિકાસ થાય છે, તે ઉપરથી આપણે કરવો જોઈએ. સમયપાલન બધા માટે લાભદાયક જ છે, સમયની કિંમત જાણી લીધી હોય તો સારામાં સારું કાર્ય થઈ શકે છે.' ગાંધીજીએ દાતણ કરતાં કરતાં 700 શ્લોકની ભગવદ ગીતા સંપૂર્ણ કંઠસ્થ કરી હતી. લોંગ ફેલો નામના લેખકે કોફી બનાવતા મળતી દસ મિનિટ દરમ્યાન 'INFERNO' નામના પ્રસિદ્ધ અંગ્રેજી પુસ્તકનો અનુવાદ કરી જગતને ભેટ ધર્યું. ગણિતના રેંગ્લર ડૉ. એન.એમ. શાહ કહે છે, 18 hours a day for 20 years, no holiday, no vacation, ત્યારે આજે આ કક્ષાએ પહોંચ્યો છું.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પણ તેમના જીવનની એક એક ક્ષણનો ઉપયોગ કર્યો છે. મુસાફરીમાં કે વાહનની રાહ જોવામાં પણ હરિભક્તોના પત્રો વાંચી તેમને સંતોષકારક ઉત્તર આપ્યા છે, ત્યારે અથાગ વિચરણ વચ્ચે પણ સાડા સાત લાખ પત્રો લખાયા છે.

આપણે સમયની કિંમત સમજતા નથી એટલે સદુપયોગનું જાણપણું રહેતું નથી. 1 મિનિટની કિંમત ટ્રેન ચૂકી જનાર વ્યક્તિ સારી રીતે સમજી શકે. 1 સેકન્ડની કિંમત ઓલિમ્પિકમાં હારનાર વ્યક્તિ સારી રીતે સમજી શકે છે. ખરેખર, આપણે સમયને સાચવીશું તો ભવિષ્યમાં સમય આપણને સાચવશે. માટે આપણે જ નિશ્ચિત કરવું રહ્યું કે, સમયનો સદુપયોગ જ કરવો છે.

sanskar@sandesh.com

चरैवेति चरैवेति

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી



મહાન વ્યક્તિઓ સફળતાનાં શિખરો પર ઓચિંતાના નથી પહોંચ્યા, પરંતુ જ્યારે તેમના મિત્રો ઊંઘતા હતા ત્યારે તેઓ મોડી રાત સુધી પુરુષાર્થ કરતા હતા

આજના યુગમાં વગર મહેનતે પાસ થવાની, વગર મહેનતે પૈસા કમાવાની, વગર કામ કર્યે અધિકાર પ્રાપ્ત કરવાની મનોવૃત્તિ વધતી જાય છે. સશક્ત અને નીરોગી માણસો આજે પુરુષાર્થ-પરિશ્રમથી દૂર થતા જાય છે. પરસેવો પાડ્યા વિના સરળ અને સહેલું કામ શોધે છે અને લઘુતમ શ્રમથી મહત્તમ સફળતાની ઝંખના કરે છે. આ એક કરુણ પરિસ્થિતિ છે, પરંતુ યુવાનોએ આ પ્રકારના વિચારોથી મુક્ત થઈને પુરુષાર્થ દ્વારા સિદ્ધિનો માર્ગ આપનાવવો પડશે. વેદના મંત્રને અનુસરવું પડશે. '**चरैवेति चरैवेति**'... 'ચાલ્યા જ કરો, ચાલ્યા જ કરો... પુરુષાર્થ કરો, આગળ વધો.'

પુરુષાર્થના સિદ્ધાંતને અનુસરી મનુષ્યે આદિકાળથી આદ્યપર્યંત પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ સાધી છે. સ્વાસ્થ્યવિજ્ઞાન, ગણનવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, રોકેટવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન આદિ અનેક ક્ષેત્રોમાં માનવજાતે કલ્પનાતીત સિદ્ધિ પ્રાપ્ત કરી છે, પરંતુ આ દરેક સિદ્ધિઓના મૂળમાં છે પુરુષાર્થ. જ્યાં પુરુષાર્થ નથી ત્યાં સિદ્ધિ નથી.

આ વિશ્વના પટાંગણમાં તો જે પુરુષાર્થ કરે તે કંઈક પામે. ખેડૂત ખેતરમાં જેટલો પરસેવો સીંચે તેટલો વધુ પાક લણે. વૈજ્ઞાનિકો સંશોધનકાર્યમાં રાત-દિવસ એક કરે ત્યારે કંઈક નવું સંશોધન થાય અને જગતને કોઈ ઉપકરણ કે સિદ્ધાંત મળે. વિદ્યાર્થી યોગ્ય સમયે યોગ્ય પુરુષાર્થ કરે ત્યારે ઉજ્જવળ કારકિર્દી અને માન-અકરામ તેના ગજવામાં આવીને પડે છે. આજે રતન તાતા, મુકેશ અંબાણી, રોહિત શર્મા કે વિરાટ કોહલીની સફળતા જોઈ આપણી આંખો અંજાય છે. પણ એ કક્ષાએ ટકી રહેવા માટે તેનાં મૂળમાં છે – તેઓનો રોજનો ૧૬થી ૧૮ કલાકનો પુરુષાર્થ. The heights by great men reached and kept were not attained by sudden flight. But they, while their companions slept, were toiling upwards in the night. અર્થાત્, મહાન વ્યક્તિઓ સફળતાનાં શિખરો પર ઓચિંતાના નથી પહોંચ્યા, પરંતુ જ્યારે તેમના મિત્રો ઊંઘતા હતા ત્યારે તેઓ મોડી રાત સુધી પુરુષાર્થ કરતા હતા.

એક અખબાર સાથેના ઈન્ટરવ્યૂમાં વિરાટ કોહલીને એમની સિદ્ધિનું રહસ્ય પૂછતાં તેઓએ જણાવ્યું હતું : 'Perhaps I have the more ability to work harder than my colleagues' મારા સાથીમિત્રો કરતાં મારામાં વધારે પુરુષાર્થ કરવાની ક્ષમતા હતી. એટલે આજે હું અહીંયાં છું. ગોડ ઑફ ક્રિકેટનું બિરુદ પ્રાપ્ત કરનાર ક્રિકેટર સચિન તેંડુલકરને પણ જ્યારે તેમની સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેઓ બોલ્યા કે, 'રોજ સવારે ૬ વાગ્યે હું નેટ પર પહોંચી જઉં. ૫૦૦ ડિલિવરી રમ્યા પછી જ અન્ય કાર્ય હાથમાં લઉં. પછી ભલેને ગમે તેટલા સારા ફોર્મમાં હોઉં કે આગલા દિવસે જ સદી કે બેવડી સદી ફટકારી હોય.' ખરેખર પુરુષાર્થ વગર નામના મળતી નથી.

આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૭૨ વર્ષની ઉંમરે એક પણ રજા લીધા વગર રોજના ૧૪-૧૫ કલાક કામ કરે છે. આવી કર્મઠતા જીવનમાં આવે ત્યારે સફળતા તેની પાછળ ઢસડાઈને આવે છે. આજે ભારત દેશે સમગ્ર વિશ્વમાં એક અનેરી ગૌરવવંતી છાપ ઊભી કરી છે તેના મૂળમાં છે તેઓનો પ્રબળ પુરુષાર્થ.

આ તો લૌકિક ક્ષેત્રની વાત થઈ, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં પુરુષાર્થની એટલી જ આવશ્યક્તા છે. સંસારથી વિરક્ત એવા ત્યાગી હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થનો અનુપમ દાખલો બેસાડ્યો છે. ૧૯૭૧માં ગુરુપદે આવ્યા બાદ માત્ર ૪૫ વર્ષના ટૂંકા ગાળામાં વિશ્વના ૫૫થી વધુ દેશોમાં ફરીને, ૧૮૦૦૦ ગામડાઓમાં જઈને, અઢી લાખથી વધુ ઘરોમાં પધરામણી કરીને, ૭.૫ લાખથી અધિક પત્રો લખીને, ૧૬૫થી અધિક પ્રવૃત્તિઓનું સફળ સંચાલન કરીને તેઓએ માનવ ઉત્કર્ષનું અસાધારણ કાર્ય કર્યું. લાખો-કરોડો લોકોનાં અંગત જીવનમાં રસ લઈ તેઓને ધર્મના માર્ગે વાળ્યા છે. માટે દુનિયાનું ગમે તે ક્ષેત્ર હોય તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ અનિવાર્ય છે. સિદ્ધિનાં શિખરો સર કરવાં હોય તો પ્રચંડ પુરુષાર્થ કરવો જ રહ્યો.

sanskar@sandesh.com

પારિવારિક સંવાદિતાનો સંગીન સુઝાવ

વાત છે વડોદરા શહેરના અટલાદરા ગામની, જ્યાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ યોજાયો હતો. ઉત્સવસભાના સમય અંગે સ્વામીશ્રીએ પૂછપરછ કરી, એટલે સંતોએ કહ્યું 'આપને આમાં કંઈ ફેરફાર કરાવવો હોય તો જણાવો.' ત્યારે સ્વામીશ્રી બોલ્યાઃ 'હું નહીં, બધાનું શું કહેવું છે?' 'હું કહું એમ જ થવું જોઈએ' એવું ન કરવું. સર્વાનુમતે થવું જોઈએ.' સંવાદિતાનો સંગીન સુઝાવ પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાંથી સરી પડ્યો!

શબ્દો સીમિત છે, પરંતુ એમાં રહેલી ભાવના કેટલી ભદ્ર છે! વાક્ય નાનું છે, પણ એમાંથી જન્મનારું સંવાદિતા રૂપી પરિણામ કેટલું મોટું છે! અને મહાન સત્પુરુષના મુખેથી સહજતયા સરી પડેલું આ બ્રહ્મવાક્ય જીવનમાં જીવી બતાવવું તે પણ સૌથી મોટી સિદ્ધિ છે.

કારણ કે આ વાતનો અમલ મેનેજમેન્ટની દૃષ્ટિએ આપણાં નોકરી, ધંધા, વ્યવસાય, રાજકારણમાં કરો, તો પણ કંપની, રાજ્ય કે દેશની સંપૂર્ણ પ્રગતિ નિશ્ચિત છે; અને જો તેનો અમલ પારસ્પરિક સંબંધોની દૃષ્ટિએ આપણા પરિવારમાં કરો તો પણ પારિવારિક શાંતિ અને પરસ્પરનાં અતૂટ લાગણીબંધન મળવાં નિશ્ચિત છે.

આપણું વર્તન એવું રહે, જેથી ઘરના દરેક સભ્યને એવું લાગે કે પરિવારમાં તેનું પણ કંઈક મહત્ત્વ છે

આજકાલના પરિવારોમાં ઉદ્ભવતા પ્રશ્નોનાં મૂળ તો એટલે જ પહોંચે છે કે 'બસ, બધે મારું ધાર્યું થવું જોઈએ. લોકો મારા એકલાનું જ માનવા જોઈએ. બધા મને પૂછીને જ બધું કરવા જોઈએ.' બધાને પ્રધાન થવું હોય, સત્તા જોઈતી હોય; પરંતુ કોઈને એવો વિચાર આવ્યો? કે 'આપણે સેવક બનીએ...' 'સૌને સાથે રાખીને નિર્ણયો લઈએ...' 'સૌની સાથે હળીમળીને રહીએ...'

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

જ્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે તેઓ સંસ્થાના પ્રમુખ હોવા છતાં, સંપૂર્ણ સત્તાધારી હોવા છતાં, એમણે ક્યારેય પણ કોઈ પણ પ્રકારનો નિર્ણય એકલા કર્યો નથી. આપણે શરૂઆતમાં જે વાંચ્યા, એ શબ્દો તેઓ માત્ર બોલ્યા નથી પરંતુ તેને શબ્દશઃ જીવ્યા છે.

વાત છે સંવત ૧૯૭૧ની. જ્યારે પ્રમુખસ્વામી મહારાજના ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અક્ષરધામમાં પધાર્યા. ધામગમનના બીજા દિવસે પ્રમુખસ્વામી મહારાજે ગોંડલ મંદિરની ખેતીવાડી સંભાળતા સંતને પૂછેલુંઃ 'જ્યાં આપણે ઘઉં વાવ્યા છે, તે સ્થળ મોટેરા સંતો અને ટ્રસ્ટીઓએ યોગીજી મહારાજના અગ્નિસંસ્કાર માટે પસંદ કર્યું છે. તો તમારો શો અભિપ્રાય છે?' પોતાના પ્રાણપ્યારા ગુરુ ધામમાં ગયા હોય, ત્યારનાં દુઃખ, ત્યારની જવાબદારીઓ વચ્ચે પણ પ્રમુખસ્વામી મહારાજે સાથેના સંતને પૂછ્યા વિના સીધો જ નિર્ણય ન લઈ લીધો. સંસ્થાના ધણી થઈને સ્વામીશ્રીએ એ સંતને મહત્ત્વ આપીને તેમનું હૃદય સહજમાં જીતી લીધું.

આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છેઃ '**જિતં જગત્ કેન મનો હિ યેન**' જેનો સીધો અર્થ થાય છેઃ 'જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.' પરંતુ આ ઉક્તિનો અર્થ એવો પણ કરી શકાય કે 'જેણે સૌનાં મન જીત્યાં, તેણે આખું જગત જીત્યું...' કારણ કે પોતાનું મન તો ખરું જ, પણ પોતાની સાથે રહેતાં આપણાં સ્વજનોનાં મન-હૃદય જીતીને જે કુટુંબ, સમાજ કે દેશ માટે કાર્ય કરે છે તે સુખી અને સફળ જીવનનો અધિકારી બને છે.

આપણું વર્તન એવું રહે, જેથી ઘરના દરેક સભ્યને એવું લાગે કે પરિવારમાં તેનું પણ કંઈક મહત્ત્વ છે. ઘરનાં ફર્નિચરમાં ફેરફાર કરતાં પહેલાં એક વાર જો પિતાજીને પૂછી લીધું હોય; કિચનમાં કંઈક કરાવવાની જરૂર પડે, તેમાં પત્નીની સલાહ લીધી હોય; નવી ગાડી લેવાની હોય ત્યારે માતુશ્રીને 'ટ્રાયલ રાઈડ'માં બેસાડીને 'તમને આ ગાડીમાં ફાવશેને?' એમ પૂછ્યું હોય; ઘરનું ઈન્ટિરીયર ડિઝાઈન કરવામાં નાનાભાઈ કે મોટાભાઈને સાથે રાખ્યા હોય; ફરવા જતા પહેલાં બાળકોને 'ક્યાં જવું ગમે?' એમ પૂછ્યું હોય; ઘર માટેની કોઈ ખરીદી કરવામાં સૌને પૂછીને નિર્ણય લીધો હોય... તો પરિવાર કેટલો સંપીલો, કેટલો લાગણી અને પ્રેમભર્યો થઈ જાય! પ્રમુખસ્વામી મહારાજનાં પગલે-પગલે જો આપણે પણ સૌને સાથે રાખીશું, સૌનો અભિપ્રાય લઈશું, સૌનાં મન સાચવીશું તો ખરેખર આપણું ઘર નંદનવન બનતા કોઈ રોકી નહીં શકે!

sanskar@sandesh.com

વર્તમાન, આપણા હાથમાં છે

પ્રસિદ્ધ ચિંતક ગેટેએ કહ્યું છે ' What you can do, or dream you can do, begin it, Boldness has genius, Power and magic in it. Only engage and then the mind grows heated - Begin it and the work will be completed' ' જે તમે કરી શકો છો અથવા જે કરવા માટે તમે સ્વપ્ન સેવો છો તેની શરૂઆત કરી દો. સાહસમાં એક શક્તિ છે, જાદુ છે, પ્રતિભા છે... મગજને એક ધક્કો મળશે પછી કાર્ય એની જાતે સંપન્ન થવા માંડશે.' બસ, જરૂર છે ઠેલવાની વૃત્તિને ચિરવિદાય આપવાની અને શરૂઆત કરવાના 'સાહસ'ની. 'પછી કરીશું'માં વિલંબ છે, અનિશ્ચિતતા છે, દુવિધા છે, અવિશ્વાસ છે. જ્યારે 'આજે' અને 'અત્યારે'માં નક્કરતા છે, તરવરાટ છે, આશા છે, ઉત્સાહ છે, શૌર્ય છે. 'કાલે'માં વૃદ્ધત્વ છે આજેમાં યૌવન છે. આજે અને અત્યારેનો મંત્ર અકલ્પનીય ચમત્કારો સર્જી શકે છે.

> **કોઈ પણ કામને ઠેલ્યા વગર સત્વરે કરવાની વૃત્તિ રાખીએ. અને એક સત્ય સતત નજર સમક્ષ રાખીએ. It's Now or Never – અત્યારે નહીં તો પછી ક્યારેય નહીં**

શું કોઈ કલ્પના કરી શકે કે, ગુજરાતના અંતરિયાળ ગામડાનો છોકરો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પ્રકાશિત થયેલ The most 20 influential Personality of the millanium. - છેલ્લાં ૧૦૦૦ વર્ષના સૌથી પ્રતિભાશાળી ૨૦ વ્યક્તિઓની યાદીમાં સ્થાન ધરાવતો હોય ? શું કોઈ કલ્પના કરી શકે માત્ર ૭ ધોરણ ભણેલો એક ખેડૂતપુત્ર UNO ના મહાસદનમાંથી વિશ્વને શાંતિ અને સંવાદિતાનો સંદેશ આપતો હોય? શું કોઈ કલ્પના કરી શકે કે ગામડાના નળિયાંવાળા ઘરમાં ઉછરેલા બાળકને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ 'માસ્ટર બિલ્ડર'ના બિરુદથી સન્માને ? આવાં તો અનેક આશ્ચર્યોની હારમાળા રચાઈ છે, વિશ્વવંદનીય સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં. ૯૫ વર્ષના જીવનકાળ દરમિયાન સેંકડો વર્ષોનું કાર્ય કરનાર પ્રમુખસ્વામી મહારાજની અદ્વિતીય સિદ્ધિઓથી વિશ્વ અચંબિત છે, પરંતુ આ જ્વલંત સફળતા પાછળનાં અનેક કારણોમાંનું એક કારણ છે એમના જીવનકોશમાં 'ચાલે' અને 'કાલે' જેવા ઘાતક શબ્દોને સ્થાન જ ન હતું. તેઓ 'આજનું કામ આજે કરીએ' એ મંત્રને વરેલા હતા.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

સાડા સાત લાખથી વધુ પત્રોને વાંચીને તેનો પ્રત્યુત્તર આપનાર તેઓના જીવનમાં કેવી કાર્ય પ્રતિબદ્ધતા હશે! એક વખત પત્રોની એક થપ્પીના જવાબો પૂર્ણ થયા બાદ તેઓ પેનનું ઢાંકણ બંધ કરી નીચે મૂકવા જતા હતા ત્યાં જ સેવક સંતે બીજી થપ્પી તેઓના હાથમાં આપી, પેનનું ઢાંકણ ખોલી તેઓએ ફરી લખવાનું શરૂ કર્યું. ત્યાં ઉપસ્થિત એક સંતે કહ્યું 'સ્વામી! હમણાં રહેવા દોને? થોડો આરામ કરો પછી પત્રોના જવાબ આપજો' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે પ્રત્યુત્તર વાળ્યો 'પત્ર લખનાર કાગડોળે જવાબની રાહ જોતા હોય અને આપણે બેસી રહીએ તે કેમ ચાલે ? આમ પણ અત્યારે આ થપ્પીનો જવાબ નહીં આપું તો આવતી કાલે બીજા નવા કાગળ ઉમેરાશે એટલે આ થપ્પી વધુ મોટી થશે. માટે આજનું કામ આજે જ કરી લેવું સારું.' પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાં કોઈ ઝાકઝમાળ કે દંભ નથી પણ શ્રેષ્ઠ જીવન જીવવાની સહજ અને નક્કર શૈલી છે, આજનું કામ આજે જ કરી લેવું- સહજ, સરળ અને સચોટ અનુભવામૃત. તેઓ કહેતાં અત્યારે જે કામ કરવાનું હોય તે એક સેકન્ડ પછી કરવાનો વિચાર આવે તે પણ આળસ છે, આ જ ખાસિયત છે મહાન પુરુષોની. સરેરાશ માણસો દિવસો અને કલાકના પરિમાણમાં જીવતા હોય છે, જ્યારે દિગ્ગજ વ્યક્તિઓ મિનિટો અને સેકન્ડોના પરિમાણમાં જીવે છે. એટલે જ કાલે, ચાલે કે પછી કરીશું જેવા શબ્દો તેમને અભડાવી શકતા નથી.

યાદ રહે કે કાલ ઉપર આપણો કોઈ અધિકાર નથી. આપણા હાથમાં વર્તમાન છે. કાલના વાયદા છોડી આજે અને અત્યારેમાં જીવનને ભરીએ. એક ચાઈનીઝ કહેવત છે 'છોડ વાવવાનો ઉત્તમ સમય ૨૦ વર્ષ પહેલાંનો હતો. બીજો ઉત્તમ સમય અત્યારે જ છે.' અર્થ એ છે કે કોઈ પણ કામને ઠેલ્યા વગર સત્વરે કરવાની વૃત્તિ રાખીએ. અને એક સત્ય સતત નજર સમક્ષ રાખીએ. It's Now or Never – અત્યારે નહીં તો પછી ક્યારેય નહીં, કારણ કે કાલે શું થવાનું છે તે વિશે આપણે નથી જાણતાં, આપણે આજે અહીં છીએ તો કાલે ક્યાં હોઈશુ એ પણ દરેકને જાણ નથી હોતી એટલે વર્તમાનમાં જેટલું જીવાય એટલું જીવી લેવું. જે ક્ષણે હયાત છો એ ક્ષણે હાથમાં રહેલું કામ પતાવી દેવું, એ ક્ષણને માણી લેવી, વર્તમાનમાં થોડું ભાવીનું કામ પણ કરી લેવું જીવનમાં પસ્તાવો ન થાય.

sanskar@sandesh.com

શું તમારે ઇતિહાસ રચવો છે ?

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'Hard work never kills' આ અંગ્રેજી પંક્તિને મનમાં વાગોળતાં, આજે ફરી એ પુરુષ ઊઠ્યો. એ જ ઉમંગ, એ જ શક્તિ! આજે એ સત્તરમી વખત ચૂંટણીમાં ઊભો રહેવાનો હતો. છેલ્લાં ત્રીસ વર્ષમાં સોળ-સોળ વાર હાર્યા પછી પણ હજી એ હાર નહોતો માનતો. અંતે ચૂંટણી યોજાઈ, પરિણામ આવ્યું, અને ઈતિહાસ સર્જાયો. અમેરિકા દેશને તેના સર્વશ્રેષ્ઠ રાષ્ટ્રપ્રમુખની પ્રાપ્તિ થઈ. હા, તે પ્રચંડ પુરુષાર્થી હતા, અમેરિકાના ૧૬મા રાષ્ટ્રપતિ, અબ્રાહમ લીંકન. જરા વિચારો! લીંકન જ્યારે ચૂંટણીમાં ૧૬મી વખત હાર્યા, ત્યારે જ પુરુષાર્થને પૂર્ણવિરામ આપીને કોઈ સામાન્ય નોકરીમાં જોડાઈ ગયા હોત તો? તો કદાચ અમેરિકા દેશને ઐતિહાસિક રાષ્ટ્રપ્રમુખની પ્રાપ્તિ ન થઈ હોત.

વિશ્વ શાંતિથી સોડ તાણીને સૂતું હતું ત્યારે આ મહાપુરુષોએ જાગીને પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. ઇતિહાસ એમનેમ નથી રચાતા, પુરુષાર્થ રૂપી ઇંટો જ ઇતિહાસ રચવાનો મુખ્ય ઘટક છે

૧૯૨૦ના દાયકામાં ઘણાં નવાંનવાં સંશોધનોની ભેટ આ વિશ્વને મળી, જેમાં ઊડીને આંખે વળગે તેવી અનોખી શોધ હતી, રૉકેટની. જેના સંશોધક હતા, રોબર્ટ ગોરાર્ડ. જેઓ રૉકેટને ચંદ્ર સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે મંડી પડ્યા હતા, પરંતુ અનેક પ્રયોગો કરવા છતાં પ્રાપ્ત થતી કેવળ નિષ્ફળતા. કહેવાયું છેને કે, 'પ્રચંડ પુરુષાર્થનો કોઈ વિકલ્પ જ નથી.' આખરે અનેક પ્રયોગો પછી એ દિવસ આવ્યો કે જેના માટે સમગ્ર માનવજાત ગૌરવ લઈ શકે. આજે વિશ્વ પણ તલપાપડ થઈ રહ્યું હતું, પૃથ્વીના ઈતિહાસમાં સૌપ્રથમ વાર એક માનવસર્જિત વસ્તુ પૃથ્વીની બહાર જઈ રહી હતી. ૧૬મી માર્ચ, ૧૯૨૬. બધા લોકો એકચિત્ત થયા હતા. જેમ ચકોર ચન્દ્રને જુએ તેમ વિશ્વની દૃષ્ટિ ચંદ્ર પર જનાર વિશ્વના પ્રથમ રૉકેટ પર કેન્દ્રિત હતી. ઘણી આશાઓ હતી, પુરુષાર્થ હતો. આખરે એ ક્ષણ આવી જ્યારે રૉકેટ લૉન્ચ થયું. બધાની દૃષ્ટિ ધીમેધીમે રૉકેટની સાથે ઉપર જતી ગઈ પણ...પણ રૉકેટ આંખોથી ઓઝલ થાય એ પહેલાં. તો ધડાકો !

૧૭૧ ફૂટ જ ઊડ્યું અને ભુક્કા બોલી ગયા. લોકોએ નિષ્ફળતાસૂચક દૃષ્ટિથી રૉબર્ટ સામે જોયું. બીજા દિવસે છાપામાં ચમક્યું, 'Moon rocket missed target just by 238,799.5 miles.' આવો ભયંકર ઉપહાસ થયો. બજાર હોય કે બાર, માર્કેટ હોય કે મૉલ, પ્રત્યેક સ્થાન પર કેવળ એક જ વાત ચર્ચાતી. ધિક્કાર, ઘૃણા, હાસ્ય અને મશ્કરીભર્યા સંદેશાઓ મળતા રહેતા. અપમાનોની વણઝાર થઈ હતી. પણ આ તો પ્રબળ પુરુષાર્થી હતો. જે કેવળ ઈતિહાસ સર્જવા સર્જાયો હતો. પુરુષાર્થી ક્યારેય પુરુષાર્થને તિલાંજલિ નથી આપતા. લોકનિંદાની ચિંતા વગર બમણા પુરુષાર્થથી મંડી પડ્યો. અને અંતે રૉકેટની શોધ પૂરી થઈ અને સફળતાએ ચરણ ચૂમ્યાં. જે લોકો ઉપહાસ કરતા હતા, તેઓ જ હવે રૉબર્ટને વધાવવા લાગ્યા. ખરેખર, જે પ્રબળ પુરુષાર્થ કરે છે, તેને સફળતા વરે છે, તેના દ્વારા ઈતિહાસનું સર્જન થાય છે.

આ મહાપુરુષોના જીવનવૃત્તાંતમાંથી એટલું તો જરૂર જણાય કે,

સિદ્ધિ તેને જ જઈ વરે, જે પરસેવે ન્હાય...

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દક્ષિણ ગુજરાતના કરચેલિયા ગામે વિરાજમાન હતા. તે સમયે કેટલાક હરિભક્તોએ તેઓને કહ્યું કે, 'અહીંયાં, આપની મૂર્તિમાંથી પાણી ટપકતું હતું.' પ્રત્યુત્તરમાં સ્વામીજીએ કપાળ પરથી પરસેવો નિતારતાં એટલું જ કહ્યું, 'એ પાણી કામ નહીં આવે, આ પાણી(પરસેવો) કામ આવશે.' ખરેખર, આ વાક્ય કેવળ વાચ્યાર્થ નહોતું પરંતુ તેઓનાં જીવનમાં ચરિતાર્થ હતું. તેઓએ સમગ્ર જીવનકાળમાં પોતાના દેહની પરવા કર્યા વગર ૨.૫ લાખ ઘરોમાં પધરામણી કરી તે ઘરોને શુદ્ધ અને પવિત્ર કર્યાં છે. સમય અને સંજોગો જોયા વિના ૭.૫ લાખથી અધિક પત્રો લખી લોકોને જીવનપથ પર માર્ગદર્શિત કર્યાં છે. સ્વયંના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર ૩૫ હજારથી અધિક ગામોને પોતાનાં ચરણોથી પાવન કર્યાં છે. જેના કારણે આજે લાખો લોકો તેઓને યાદ કરે છે. ખરેખર, આવા મહાપુરુષો સ્વયં પુરુષાર્થ કરી આપણને જીવન જીવતા શીખવે છે. જ્યારે વિશ્વ શાંતિથી સોડ તાણીને સૂતું હતું ત્યારે આ મહાપુરુષોએ જાગીને પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. ઈતિહાસ એમનેમ નથી રચાતા, પુરુષાર્થ રૂપી ઈંટો જ ઈતિહાસ રચવાનો મુખ્ય ઘટક છે. તો આવો આપણે પણ પુરુષાર્થના રસાયણને જીવનમાં સીંચીને સફળતાનાં શિખરો સર કરીએ.

sanskar@sandesh.com



વિશ્વની સૌથી મોટી અજાયબી

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



ખુદીરામ બોઝ. એક એવું નામ કે જેને દરેક ભારતીય ખૂબ ગર્વથી આજેય યાદ કરે છે. સૌ જાણે છે કે તેઓ ભારતની આઝાદી માટે સૌથી નાની ઉંમરે શહીદ થનાર વીર સપૂત હતા. છતાંય એના જીવનના છેલ્લા દિવસોનો એ પ્રસંગ લગભગ કોઈ નહીં જાણતું હોય. માત્ર અઢાર વર્ષના શાળામાં ભણતા એ વિદ્યાર્થીની બોમ્બકાંડમાં ધરપકડ થઈ ત્યારે એને ભોળવીને એની પાસેથી ગુપ્ત બાતમી કઢાવવા પોલીસે એક રૂપાળી છોકરીને જેલમાં એની પાસે મોકલી. છોકરી તેઓની સાથે ચેનચાળા શરૂ કરે તે પૂર્વે તો ખુદીરામ એની સામે હાથ જોડી બોલ્યાઃ 'ભલે તમે આવ્યાં, મા! હું નાનપણથી જ મા વગરનો હતો. હું કેવો નસીબદાર કે આજે મને મરતાં મરતાં મા મળી! મને એવા આશીર્વાદ આપો કે હું માતૃભૂમિ કાજે આનંદથી મરું.' છોકરીની આંખોમાં આંસુ આવી ગયાં. એ તરત પાછી ફરી ગઈ. ખરેખર, ખુદીરામની શૂરવીરતાના મૂળમાં તેનું ચારિત્ર્ય હતું.

યુગોથી ભારતભૂમિ આવા વિરલ મહાપુરુષોનાં ચારિત્ર્યથી દેદીપ્યમાન રહી છે. ગાયકવાડ સરકાર પ્રતિવર્ષ વિદેશી વક્તાને પ્રવચન માટે આમંત્રણ આપતા. તે મુજબ એક જર્મન મહાશય પ્રવચન માટે આવ્યા હતા. તેમણે પૂછ્યું કે મારે કેવા શ્રોતાઓ સામે ચારિત્ર્યની વાત કરવાની છે? ત્યારે પ્રવક્તાએ જવાબ આપ્યો કે આ બધા શ્રોતાઓ ચારિત્ર્યની એ ભૂમિ પર ઉછરેલા છે, જ્યાં લક્ષ્મણને આદર્શ ગણવામાં આવે છે. પછી લક્ષ્મણનો પ્રસંગ ટાંક્યો. જ્યારે રામાયણમાં ઈન્દ્રજિત કોઈ રીતે મરતો નહોતો, કારણ કે તેને વરદાન હતું કે જે માણસે ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું હોય, તેનાથી જ મરી શકે; ત્યારે રામ વિચારમાં પડ્યા કે આવી વ્યક્તિ લાવવી ક્યાંથી? ત્યારે વિભીષણે જવાબ આપ્યો કે આ લક્ષ્મણ ૧૪ વર્ષથી બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે તેને મારશે.

૧૪ વર્ષ સુધી લક્ષ્મણે બ્રહ્મચર્યનું કેવું પાલન કર્યું, તેની સુંદર વાત રામાયણકારે નોંધી છે. જ્યારે અપહરણ કરીને રાવણ સીતાજીને લઈ જતો હતો, ત્યારે સીતાજીએ પોતાનાં ઘરેણાં કાઢીને નીચે નાખ્યાં હતાં. સીતાજીની શોધમાં નીકળેલા। રામ અને લક્ષ્મણ કિષ્કિંધામાં સુગ્રીવને મળ્યા, ત્યારે સુગ્રીવે તે ઘરેણાં તેમને બતાવ્યાં. તે ઘરેણાં રામે લક્ષ્મણને બતાવીને પૂછ્યું કે તું આ ઘરેણાં ઓળખે છે? ત્યારે લક્ષ્મણે જણાવ્યું કે

नाहं जानामि केयूरे
नाहं जानामि कुण्डले ।
नूपुरे त्वभिजानामि
नित्यं
पादाभिवन्दनात् ॥

સનાતન ધર્મના પ્રત્યેક અનુયાયીએ મોઢે કરવા જેવો આ શ્લોક છે. લક્ષ્મણજી કહે છે કે, 'હું હાથમાં પહેરવાના બાજુબંધ કે કાનમાં પહેરવાનાં કુંડળને નથી ઓળખી શકતો.' કેમ? કારણ કે સતત ૧૪ વર્ષ સુધી પોતાની પત્નીના વિયોગ સાથે પોતાનાં ભાભી સીતાજીની સાથે રહેવા છતાં લક્ષ્મણજીએ સીતાજી સામે ઊંચી દૃષ્ટિ માંડીને ક્યારેય જોયું પણ નથી. એટલે જ કાનનાં કુંડળ કે હાથના બાજુબંધને તેઓ ઓળખી શક્યા નહીં. હા, અંતે તેઓએ કહ્યું કે, 'પરંતુ આ ઝાંઝરને હું ઓળખું છું, કારણ કે રોજ હું જ્યારે સીતામાતાની ચરણવંદના કરવા જતો, ત્યારે આ ઝાંઝરનાં મને દર્શન થતાં હતાં.' ભારતભૂમિના સપૂતો માટે લક્ષ્મણજી એક આદર્શસમાન છે.

આ જાણીને જ્યારે તે જર્મન વિદ્વાન પ્રવચન આપવા ઊભા થયા, ત્યારે એટલું જ બોલ્યા, 'મારાં બહુ મોટાં ભાગ્ય કે ભારતની ભૂમિમાં આવ્યો. ગાયકવાડનો પણ આભાર. આટલા બધા સારા શ્રોતા બેઠા છે એ મારાં બહુ મોટાં ભાગ્ય.' એમ કહીને પોતાની જગ્યાએ બેસી ગયા. લોકોએ પૂછ્યું કે કેમ તમે કંઈ ન બોલ્યા? ત્યારે તેઓ કહે કે આ લક્ષ્મણજી કરતાં શ્રેષ્ઠ અમારા દેશમાં ચારિત્ર્યની કોઈ વાત છે જ નહીં. એટલે મારે શી વાત કરવી?

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે ચારિત્ર્ય દૃઢ કરો અને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો. આજે લોકો દેશદુનિયામાં અનેક અજાયબીઓ જોવા જાય છે, પણ એ બધી અજાયબીઓ કરતાં પણ ચારિત્ર્યની આ સૌથી મોટી અજાયબી આપણાં રામાયણ વગેરે શાસ્ત્રોમાં પડી છે. ચાલો એ અજાયબીને પણ ક્યારેક નીરખી લઈએ.

> 'ભલે તમે આવ્યાં, મા! હું નાનપણથી જ મા વગરનો હતો. હું કેવો નસીબદાર કે આજે મને મરતાં મરતાં મા મળી! મને એવા આશીર્વાદ આપો કે હું માતૃભૂમિ કાજે આનંદથી મરું.'

sanskar@sandesh.com

આને કહેવાય કાર્યનિષ્ઠા

+વાઈબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી



થોડી વારે જ્યારે હેલિકોપ્ટર ઉડાન ભરતું હતું, તે પૂર્વે તે મહાશય દોડતા કેપ્ટન પાસે આવીને અધિકૃત કાગળ બતાવતાં કહે, 'કેપ્ટન, પ્રોજેક્ટ ડાયરેક્ટરે કૃપા કરીને એક સફાઈ કર્મચારીની જગ્યાએ મને આવવા રજા આપી છે.'

સન ૧૯૯૮ના અંતમાં આપણા દેશનો PSLV મિસાઈલ કાર્યક્રમ પૂરજોશમાં, પણ વિદેશી જાસૂસી ઉપગ્રહોની નોંધમાં ન આવે તેમ ગુપ્ત રીતે ચાલતો હતો. આ મિસાઈલો માટે જરૂરી ક્રાયોજેનિક એન્જિનો ગુપ્તતા સાથે ચેન્નાઈ બંદરે પહોંચ્યાં. ત્યાંથી વિશેષ ભારવાહક હેલિકોપ્ટર દ્વારા તેમને લૉન્ચિંગ સાઈટ પર પહોંચતાં માત્ર બે જ કલાક થાય તેમ હતા, છતાં ગુપ્ત રીતે વાંકાચૂકા માર્ગે વચ્ચે વચ્ચે વિશ્રામ લેતાં લેતાં ૧૬ કલાકે લૉન્ચિંગ સાઈટ સુધી પહોંચાડવાનાં હતાં. ખૂબ જ ભારને લીધે તે હેલિકોપ્ટરમાં બે સફાઈ કામદારો સહિત કેવળ બાર યાત્રીઓ જ મુસાફરી કરી શકે તેમ હતું.

યાત્રાની ઘડીએ લાંબા રાખોડી રંગના વાળવાળા એક મહાશય કેપ્ટન પાસે આવ્યા અને કહ્યું કે હું મારી ફ્લાઈટ ચૂકી ગયો છું અને લૉન્ચિંગ પેડ પર મારે પહોંચવું અનિવાર્ય છે એટલે આ હેલિકોપ્ટરમાં જ જવું પડે એમ છે. કેપ્ટને પ્રત્યુત્તર આપ્યો કે મને ભારત સરકાર દ્વારા નક્કી થયેલા આ ૧૨ જણને જ લઈ જવાનો આદેશ છે, એટલે આપને સમાવી શકીશ નહીં. હા, પ્રોજેક્ટ ડાયરેક્ટર જરૂર પડ્યે બે સફાઈ કર્મચારીઓને બદલી શકે.

થોડી વારે જ્યારે હેલિકોપ્ટર ઉડાન ભરતું હતું, તે પૂર્વે તે મહાશય દોડતા કેપ્ટન પાસે આવીને અધિકૃત કાગળ બતાવતાં કહે, 'કેપ્ટન, પ્રોજેક્ટ ડાયરેક્ટરે કૃપા કરીને એક સફાઈ કર્મચારીની જગ્યાએ મને આવવા રજા આપી છે.' તે કાગળ તપાસી કેપ્ટને જેવી સાથે આવવાની અનુમતી આપી કે તરત જ બાળકના જેવા ઉત્સાહથી તેઓ હેલિકોપ્ટરમાં ચડી ગયા. ૪ કલાક પછી પ્રથમ વિશ્રામ આવ્યો, ત્યારે સૌ ચા પીતાં હતા અને બંને સફાઈકર્મીઓ સફાઈ કરતા હતા. ત્યાં હેલિકોપ્ટરના યાત્રિકોમાંના એક વૈજ્ઞાનિકે આવીને કેપ્ટનને વિનંતી કરી કે ગમે તેમ કરીને પેલા નવા જોડાયેલા સફાઈ કર્મચારીને સફાઈ કરતાં રોકો. કેપ્ટને કારણ પૂછ્યું તો તેઓ કહે કે એ અમારા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ છે.

આ જાણતાં જ સૌ ચોંકી ઊઠ્યા. તરત જ કેપ્ટને કલામસાહેબ પાસે જઈને સફાઈ ન કરવા વિનંતી કરી. ત્યારે કલામસાહેબે કહ્યું કે હું અત્યારે એક સફાઈ કર્મચારી તરીકે યાત્રા કરી રહ્યો છું, એટલે મારી આ જવાબદારી અદા કરતાં મને કોઈ રોકી નહીં શકે. ત્યારપછી બીજા વિશ્રામ વખતે પણ તેમણે પોતાનું કર્તવ્ય ખૂબ ખંતથી નિભાવ્યું. સૌ લાચારીથી પોતાના પ્રોજેક્ટ ડાયરેક્ટરને સામાન્ય સાફસૂફીનું કામ કરતા જોઈ રહ્યા.

હા, મહાન પુરુષોની આ જ મોટી વિશેષતા છે કે તેઓ માટે કોઈ કામ નાનું નથી. જેટલી જવાબદારી અને ખંત સાથે કલામસાહેબ મિસાઈલનો પ્રોજેક્ટ સર કરી શકતા, એટલી જ જવાબદારી અને ખંત સાથે સામાન્ય સાફસૂફી. રાષ્ટ્રપતિના સિંહાસને આરૂઢ થવું સહેલું છે. પણ આમજનતાના હૃદયસિંહાસને આરૂઢ થવા આવાં સચ્ચાઈ, પ્રામાણિકતા અને અહંશૂન્યતા વગેરે ગુણો અતિ આવશ્યક છે. એટલે જ આજે તેઓ આપણા અત્યંત લાડીલા રાષ્ટ્રપતિઓમાંના એક છે.

કલામસાહેબે તેમના જીવનમાં અનેક સિદ્ધિઓ અને ઈલકાબો મેળવ્યાં છે. સંખ્યાબંધ યુનિવર્સિટીઓએ તેમને માનદ ડૉક્ટરેટની ઉપાધિઓ આપેલી છે. ૨૫થી પણ વધુ પ્રેરણાદાયી પુસ્તકો લખ્યાં છે. તેમાં છેલ્લું પુસ્તક તેમણે લખ્યું – 'ટ્રેન્સેન્ડન્સ, મારી પ્રમુખસ્વામીજી સાથેની આધ્યાત્મિક અનુભૂતિ'. આ પુસ્તક પ્રમુખસ્વામી મહારાજને હાથોહાથ સમર્પિત કરતાં તેમણે જાતે પુસ્તકમાં નોંધેલી પંક્તિઓ વાંચી હતી કે હું ઘણા મહાનુભાવો પાસેથી ઘણું બધું શીખ્યો છું. પણ આપ મારા અલ્ટિમેટ ટીચર (સર્વોત્તમ શિક્ષક) છો. આપે મને અહં અને મમત્વ કેવી રીતે ત્યજવાં, તે શીખવ્યું છે.

પ્રમુખસ્વામીજીને પણ જ્યારે એમના ગુરુ શાસ્ત્રીજી મહારાજે માત્ર ૨૮ વર્ષની ઉંમરે BAPS સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા ત્યારે એ સભા પૂર્ણ થયા બાદ થયેલા જમણવારનાં બધાં વાસણો તેમણે જાતે ઊટક્યાં હતાં. એ વખતે પોતે પ્રમુખ છે, એટલે આવી સામાન્ય ક્રિયા પોતાથી ન થાય, એવો કોઈ વિચાર એમને આવ્યો નહોતો.

આવા ગુણો હોય, તો જ વ્યક્તિ અનેકનાં હૃદય-સિંહાસને રાજ કરી શકે.

sanskar@sandesh.com

સ્વકેન્દ્રીપણાનો સાપ અને સંવાદિતાની સીડી

એક વાર એક પતિ-પત્ની કે જેમની ઉંમર ૬૦ની આજુબાજુ હતી, તેમણે પોતાનાં લગ્નની વર્ષગાંઠ ઊજવી. એમનાં સંતાનો પણ હર્ષભેર માતાપિતાને શુભેચ્છાઓ પાઠવવા આવી પહોંચ્યાં. ધામધૂમથી આખો પ્રસંગ સંપન્ન થયો. આવેલાં સંતાનો વિદાય થયા પછી પતિદેવે સપ્રેમ પત્નીને જણાવ્યું કે લાવ, આજે હું ચા બનાવું. અને તે ચા બનાવીને લાવ્યા. ત્યારે પત્ની રડી પડી. પતિએ રડવાનું કારણ પૂછ્યું ત્યારે પત્નીએ જણાવ્યું કે તમે મને પૂછો તો ખરા કે તને ચા ભાવે છે કે નહીં? ત્યારે પતિએ કહ્યું કે આપણે વર્ષોથી સાથે ચા પીએ છીએને?! ત્યારે પત્નીએ જણાવ્યું કે એ તો હું તમને કંપની આપવા પીઉં છું. બાકી મને ચા ભાવતી નથી. આવું ઘણું આપણી જિંદગીમાં પણ જિવાતું હોય છે કે આપણે આપણી મસ્તીમાં એટલા મસ્ત હોઈએ છીએ કે જેની સાથે રહીએ છીએ, એને શું ભાવે છે, શું ફાવે છે? એવો વિચાર સુધ્ધાં કદી કરતાં નથી.

આપણે જેમની સાથે રહીએ છીએ, એમને સમજવાનો અલ્પ પ્રયત્ન પણ કરીશું, તો અવશ્ય તે આપણને પારિવારિક તેમજ સામાજિક સુખ-શાંતિ આપનારી સીડી બની રહેશે. યાદ રાખો સમજણ એ જ સાચી મૂડી છે, એ હશે તો શાંતિ સ્થાયી રહેશે

જીવન ખરેખર એક સાપસીડીની રમત છે. સ્વકેન્દ્રીપણાનો સાપ આપણને એવો ગળી જાય છે કે સૌ સાથે રહેવા છતાં આપણે એકલતાની ખાઈમાં આવી પડીએ છીએ. ભારતના એક સમયના વડાપ્રધાને નિખાલસભાવે એવી કબૂલાત કરી હતી કે હું મારી પત્નીને સમજી શક્યો નથી. એ આજે નથી ત્યારે હું એને સમજવા મથું છું. એ હતી ત્યારે તેને સમજવાની પૂરતી કોશિશ મેં કરી જ નહીં. તે અત્યંત સ્વમાની હતી, અત્યંત સંવેદનશીલ હતી. હું મારી જાતને બહુ જ બુદ્ધિશાળી ગણતો. તે ઓછું ભણેલી છે, એમ હું માનતો. એટલે આખી જિંદગી મારે તેની સાથે સંવાદ રચાયો જ નથી.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અહીં પ્રમુખસ્વામી મહારાજના જીવન દ્વારા સંવાદિતાની સીડીનું એક પગથિયું ચડવા મળે છે. એ છે બીજાનાં રસ-રુચિનો વિચાર કરવો. બીજાને સમજવા પ્રયત્ન કરવો. બીજાની અનુકૂળતાનો વિચાર કરવો. સન ૧૯૮૮માં સ્વામીજી લંડનમાં ભોજન લઈ રહ્યા હતા. સામે નટુભાઈ નામના ભક્તને જોયા એટલે એક સંતને તેમને પ્રસાદ આપવા જણાવ્યું. તે સંતે જેવો મીઠાઈ લેવા હાથ લંબાવ્યો કે તરત સ્વામીજીએ તેમને અટકાવીને કહ્યું કે એમને ડાયાબિટીસ છે એટલે મીઠાઈ સિવાયનો પ્રસાદ આપો. લાખોની સંખ્યામાં ભક્તો હોવા છતાં કોને શી તકલીફ છે, શું ફાવે છે, ભાવે છે, એ બધું જ જાણતા.

સ્વામીજીની આ સ્નેહવર્ષાથી માનનીય શ્રી નરેન્દ્ર મોદી પણ બાકાત રહ્યા નહોતા. સન ૨૦૦૦માં દિલ્હીમાં અક્ષરધામના શિલાન્યાસ વખતે તેઓ પણ પૂજનવિધિમાં બેઠા હતા. ત્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી પણ નહોતા. પૂજનવિધિના ભાગરૂપે કળશમાં સિક્કો પધરાવવાનો હતો. ત્યારે સ્વામીજીએ એક સંતને નજીક બોલાવી સૂચના આપી કે તમે કોઈક હરિભક્ત દ્વારા નરેન્દ્રભાઈને સિક્કો અપાવો, કારણ કે એમના ખિસ્સામાં કંઈ જ નહીં હોય તો એ પધરાવશે શું?

કેવળ ભક્તો કે મહાનુભાવો જ નહીં, જેનો એમની સાથે કોઈ સંબંધ ન હોય, એવા લોકોની પણ લાગણી સમજીને એમણે સૌની સેવા કરી છે. જ્યારે કચ્છમાં ધરતીકંપ થયો, ત્યારે રાહતકાર્યના ભાગરૂપે તેઓએ ૧ વર્ષ સુધી રોજ હજારોને ગરમાગરમ ભોજન તો જમાડ્યું. પણ એમાંય સંતોને સૂચના આપી કે રોજ મેનુ બદલવું કે જેથી લોકો એકનું એક જમીને કંટાળે નહીં. સાથે દૂરનાં અંતરિયાળ ગામોમાં ફૂડપેકેટ પણ પહોંચાડ્યાં. અને જાતે તે ફૂડપેકેટ તપાસીને સૂચના આપી કે સુખડી સાથે આથેલાં મરચાં પણ મૂકજો, જેથી તેમને ભાવે.

આમ, સ્વકેન્દ્રીપણાના વર્તુળમાંથી બહાર નીકળી, આપણે જેમની સાથે રહીએ છીએ, એમને સમજવાનો અલ્પ પ્રયત્ન પણ કરીશું, તો અવશ્ય તે આપણને પારિવારિક તેમજ સામાજિક સુખ-શાંતિ આપનારી સીડી બની રહેશે.

sanskar@sandesh.com

આજે ટાઈમ નથી

> **કાર્ય લૌકિક હોય કે પારલૌકિક, સ્વાર્થ માટે હોય કે પરમાર્થ માટે, સમયનું આયોજન તો બધાયમાં કરવું જ પડે, જો તમે સમયનું આયોજન કરશો તો જ કોઇપણ કામ સારી રીતે પાર પાડી શકશો, સમયનાં આયોજન વગર થતું કામ શ્રેષ્ઠ નથી હોતું**

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'આજે આપણે આ કામ પાર પાડવું જ પડશે.' 'જવા દેને યાર! સમય જ નથી.' 'ચાલોને પપ્પા! આજે ફરવા જઈએ...' 'આજે નહીં બેટા! ટાઈમ જ નથી...' 'તમે બહાર જાઓ જ છો, તો સાંજ માટે શાક લેતા આવશો?' 'અરે! અહીંયાં મારે થાક ખાવાનો ટાઇમ નથી... એમાં હું શાક લેવા ક્યાં જાઉં?' આ રોજ સંભળાતા શબ્દો છે. બધાને એક જ પ્રશ્ન છે - 'સમય ક્યાં છે?' કારણ કે આપણને હંમેશાં એવું જ લાગતું હોય છે કે 'આ દુનિયામાં મારા જેટલું વ્યસ્ત કોઈ છે જ નહીં...'

છતાં આશ્ચર્યની વાત તો એ છે કે મહાકવિ કાલિદાસ જેવા સાહિત્યકારો, જગદીશચંદ્ર બોઝ, અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિકો કે સરદાર પટેલ જેવા મહાનાયકો પાસે પણ આપણી માફક દિવસના ૨૪ કલાક જ હતા. પણ એટલા સમયનો એમણે એવો ઉપયોગ કરી લીધો કે આજે પણ જેઓને લોકો યાદ કરે છે. ગુજરાતના ગૌરવસમાન વિરલ સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પણ સમય કણકણ થઈને વેરાઈ જાય એ પહેલાં તેને ક્ષણક્ષણમાં વાપરી લેવાની કળાને સુપેરે જાણતા હતા.

કાર્ય લૌકિક હોય કે પારલૌકિક, સ્વાર્થ માટે હોય કે પરમાર્થ માટે, સમયનું આયોજન તો બધાયમાં કરવું જ પડે. કેવળ પરહિતાર્થે અનેક કાર્યો કરનાર પ્રમુખસ્વામીજીનું સમયનું આયોજન ભલભલાને કાનની બૂટ પકડાવે એવું હતું. ઘણા બધા પ્રકલ્પો એકસાથે ચાલતા હોય ત્યારે કોને, ક્યારે, કેવી રીતે સમય આપવો? એ ભારે મુશ્કેલ કામ હોય છે, પરંતુ પ્રમુખસ્વામીએ એમાં પોતાની રીતે આગવો રસ્તો કાઢેલો. તા.૩૧-૭-૨૦૦૪ના રોજ તેઓ હ્યુસ્ટનમાં હતા. સુરતમાં નિર્માણાધીન હોસ્પિટલ અંગે એમને અહીં જ મિટિંગ કરવી હતી, કારણ કે વિશ્વકક્ષાના ડૉક્ટરો અહીં આવ્યા હતા. સ્વામીશ્રીએ બધાને તેડાવ્યા હતા પણ એમને આવવામાં વાર લાગી. તો એમણે તરત કોલકાતામાં ઊભા થનારા મંદિરનો નકશો આવેલો એ ખોલ્યો અને સાથે પુછાવેલા પ્રશ્નોનો પત્ર વાંચવા લાગ્યા. એવામાં મુલાકાતીઓ આવ્યા તો એમને મળી લીધું. ફરી નકશા અને પત્રમાં પરોવાયા. એવામાં ડૉક્ટરો આવી ગયા એટલે હોસ્પિટલ માટેની મિટિંગ કરી. જોકે એકસાથે અનેક કાર્યો હાથ ધરવાં - એવી તાલીમ આપતું કોઈ પુસ્તક એમણે વાંચ્યું નહોતું.

૧૯૯૮માં ૭૮ વર્ષની ઉંમરે એમના હૃદય ઉપર બાયપાસનું ઓપરેશન કરાવ્યા બાદ તેઓ મુંબઈ પધાર્યા ત્યારે એમના માટે આરામ અનિવાર્ય હતો, પરંતુ મોટી સંખ્યામાં આવેલા ભક્તોને મળી, તેઓનાં સુખ-દુઃખના સહભાગી બન્યા વગર તેઓને ચેન કેમ પડે? સેંકડોની સરેરાશથી મુલાકાતો ચાલી. પણ એ વખતે પત્રવ્યવહારની સામગ્રી લઈને બાજુમાં સેવક ઊભા જ હોય. કોઈ સાથે વાત કરતાં-કરતાં સમાંતર પત્રવાચન કે લેખનનું કામ કઈ રીતે થઈ શકે? પણ એક વાર પ્રમુખસ્વામી મહારાજને બે મુલાકાતની વચ્ચે જ એક ભાઈ, જે થોડા દૂર ઊભા હતા, એમને બોલાવીને કાંઈક વાત કરવાની ઇચ્છા થઈ. પેલા ભાઈને બોલાવ્યા એટલે તેઓ લગભગ અડધી મિનિટમાં તો નજીક આવી ગયા, પરંતુ આ ટૂંકા સમયગાળામાં સ્વામીશ્રીએ સેવક પાસે એક પત્ર માંગી, તેને વાંચી અને પ્રત્યુત્તર પણ આપી દીધો હતો! આવું એક વાર નહીં, અસંખ્ય વાર બનતું રહેલું. પથારીમાં પોઢ્યા બાદ ફોન ઉપર ભુજ કે લાતુરના ભૂકંપ પછીના કે ઓરિસાની સુનામી પછીના રાહતકાર્યનું માર્ગદર્શન આપતા પ્રમુખસ્વામી મહારાજને સૌએ જોયા છે. આ કર્મયોગીએ હિમાલયમાં જઈને તપ કરવાને બદલે જીવનની ક્ષણેક્ષણને નીચોવી નાખીને લોકસેવામાં સમર્પિત કરવા રૂપી સાધના કરી જાણી છે.

ખરેખર, આ એક એવા સંતનું દર્શન હતું, જેમણે સમયનો યથાર્થ ઉપયોગ કરી સમયને યોગ્ય સન્માન આપ્યું! પ્રમુખસ્વામી મહારાજ જેવા યુગપુરુષો આ રીતે સમયની રેત ઉપર પોતાનાં પગલાં પાડી ગયા છે! ચાલો, તેને અનુસરીને આપણે પણ કાળને કળવાનો પ્રયત્ન કરીએ. સમય વેડફવાનું બંધ કરી, આત્મોન્નતિ માટે તેનો મહત્તમ ઉપયોગ કરી લઈએ.

sanskar@sandesh.com

દર્પણમાં ડોકિયું

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વાળ કાળા કરવાથી જુવાન થવાતું નથી કે ભગવાં પહેર્યે ભગવાન થવાતું નથી. આજકાલ સારામાં સારા જિન્સને પણ મોટાં થીગડાં મારવાની ફેશન ચાલે છે, પરંતુ સત્યના વાઘા પર દંભનાં થીગડાં મારવાની ફેશન તો યુગોપુરાણી છે. આજના આ પ્લાસ્ટિક યુગની આ જ વિચિત્રતા છે કે માણસ પ્લાસ્ટિક સર્જરી દ્વારા ચહેરા પર કરચલીઓ દૂર કરી યુવાન થવા થનગને છે, જ્યારે બીજી તરફ એ જ મુખ પર પ્લાસ્ટિક સ્માઈલથી કૃત્રિમ કરચલીઓ ઉપસાવે છે.

આવા જમાનામાં સાહજિકતા તો જાણે અરીસામાં જ કેદ થઈને બેઠી છે, પરંતુ આજે તો માણસ અરીસાને પણ છેતરવાના ધંધા કરે છે. આ પરિસ્થિતિમાં મહાપુરુષોનાં જીવન એ આપણા માટે આદર્શ છે. આદર્શ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે, જેનો એક અર્થ અરીસો થાય છે. એટલે મહાપુરુષોનાં જીવન એક વિશિષ્ટ અરીસા છે, કારણ માણસ ગમે તેવો મેકઅપ કરીને આવે, પણ એ અરીસામાં તો એ જેવો હોય એવો જ દેખાય છે.

રાલ્ફ વાલ્ડો એમર્સને ખૂબ જ સુંદર વાત કરી છેઃ 'What you are shouts so loudly in my ears, I cannot hear what you are saying.' 'તમે જેવા છો, એ મારા કાનમાં એવું પડઘાય છે કે તમે જે બોલો છો એ હું સાંભળી જ શકતો નથી.' આ વાત બંને દૃષ્ટિકોણથી સમજી શકાય એમ છે. જેમ કે, કોઈ વાતો ઘણી કરે, પણ જો એનું વર્તન ન હોય, તો એની ગમે તેવી ફાંકડી વાતો પણ લોકો માટે વાંકડી બની જાય છે. અબ્રાહમ લિંકને એક ચિંતન રજૂ કર્યું છેઃ 'You can fool some of the people all of the time and all of the people some of the time, but you cannot fool all of the people all of the time.' અર્થાત્ 'તમે અમુક માણસોને હંમેશાં છેતરી શકો, બધા માણસોને અમુક સમય પૂરતા છેતરી શકો, પણ તમે બધાને હંમેશાં છેતરી ન શકો.' અને એટલે જ દંભીનો દંભ જ્યારે ત્યારે બહાર પડે જ છે, અને ત્યારે એની મિલિયન ડૉલરની લાગતી સલાહ પણ કોઈ સાંભળી શકતું નથી, કારણ કે લોકોના કાનમાં તેનો દંભ તેનાથી અનેકગણો વધુ પડઘાતો હોય છે.

'તમે અમુક માણસોને હંમેશાં છેતરી શકો, બધા માણસોને અમુક સમય પૂરતા છેતરી શકો, પણ તમે બધાને હંમેશાં છેતરી ન શકો.' અને એટલે જ દંભીનો દંભ જ્યારે ત્યારે બહાર પડે જ છે

એમર્સનના આ જ વાક્યને એક બીજા પોઝિટિવ દૃષ્ટિકોણથી સમજીએ તો જેનું અણીશુદ્ધ પ્રામાણિક વર્તન હોય, તેને બોલવાની જરૂર જ રહેતી નથી, કારણ કે તેનું વર્તન જ લોકોની આંખો સમક્ષ એટલું જોરથી પડઘાય છે કે એમાંથી જ અનેક લોકોને ઘણી ઘણી પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે.

'અભી બોલા ઔર અભી ફોક'ના આજના જમાનામાં મહાપુરુષની એક સીધીસાદી વ્યાખ્યા આપણા સંસ્કૃત સાહિત્યમાં અપાઈ છે કે મનસ્યેકં વચસ્યેકં કર્મણ્યેક મહાત્મનામ્. અર્થાત્ જેમાં વિચાર, વાણી અને વર્તનની એકતા હોય તેનું નામ જ મહાપુરુષ.

ઈ.સ.૧૯૮૮ના વર્ષમાં તેઓ વિદેશ ધર્મયાત્રામાં અમેરિકા પધાર્યા હતા. ત્યાં એક સ્થાનમાં ત્રણ દિવસની શિબિર હતી. જેના અંતે ત્યાં ઉપસ્થિત સંતો સાથે સ્વામીજીનો વ્યક્તિગત ફોટો પાડવાનો હતો. જેમાં એક સંતનો વારો આવ્યો, ત્યારે તેમણે સ્વામીજીને ચાખડી પહેરવા વિનંતી કરી. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે ના પાડી અને કહ્યું, 'હું પહેરતો નથી, તો શું કામ પહેરવી? ખોટો દેખાવ શા માટે કરવો?'

અન્ય એક પ્રસંગે તેઓ બોલ્યા હતાઃ 'મને દંભ પહેલેથી જ ગમે નહીં.' અને સૌએ નિકટથી અવારનવાર નિહાળ્યું છે કે નહીં એમની વાણીમાં કોઈનેય આંજી દેવાનો અણસાર, નહીં એમના વર્તનમાં કોઈને દાબી દેવાનો દમામ કે નહીં એમના વિચારોમાં પણ કોઈ પર સરસાઈ લાવવાનો સંકલ્પ.

જેમ સૂર્ય ધર્મ, જ્ઞાતિ, જાતિ, ઊંચ-નીચ, ગરીબ-તવંગર વગેરે ભેદ જોયા વિના સૌને પ્રકાશ આપે છે, તેમ જ પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોનું જીવન પણ સૌના જીવનના અંધકારને દૂર કરી પ્રકાશ આપતું હતું.

sanskar@sandesh.com

સફળ સંચાલનનું રહસ્ય



અમેરિકન પ્રમુખ રૂઝવેલ્ટે કહ્યું છે કે, 'The most important single ingredient in the formula of success is knowing how to get along with people.'- 'સફળતાના સૂત્રમાં મહત્ત્વનું તત્ત્વ જો કોઈ હોય તો તે માણસ સાથે કઈ રીતે રહેવું, કાર્ય કરવું તે છે.'

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

મનુષ્ય એ બુદ્ધિશાળી પ્રાણી છે. ભગવાને આપેલા બુદ્ધિતત્ત્વથી જ તે પૃથ્વી પરના અન્ય પ્રાણીઓ કરતા જુદો અને જબરો સાબિત થયો છે. પરંતુ વ્યક્તિની સફળતામાં બુદ્ધિનો ફાળો કેટલો હશે? કાર્નેગી યુનિવર્સિટીના વિદ્વાનો જણાવે છે કે, 'વ્યક્તિની સફળતાનો ૧૫% આધાર જ તેની બુદ્ધિ, કામ કરવાની આવડત અને હુન્નરીય કળા-કૌશલ્ય ઉપર છે. ૮૫% આધાર તેના લોકસંબંધો ઉપર છે એટલે કે અન્ય સાથેના તેના વ્યવહાર ઉપર છે'

સંચાલન, વ્યવસ્થાપન કે મેનેજમેન્ટના ક્ષેત્રમાં આગળ વધેલા કે વધી રહેલા સંચાલકોને આંચકો આપે એવું આ તારણ છે.

આજે, ૨૧મી સદીના ૨૨ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. વિશ્વના માનવ ઈતિહાસ સામે નજર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાય છે કે મનુષ્યજીવનને લગતા તમામ ક્ષેત્રોમાં પોતાના બુદ્ધિબળે માણસે અનેકવિધ સંશોધનો કરી ખૂબ પ્રગતિ કરી છે. માનવે પોતાની મેનેજમેન્ટ શક્તિથી આ ક્ષેત્રોમાં ઘણો વિકાસ પણ કર્યો છે અને હજુ કરી રહ્યો છે.

ગામડાની ચાર છાપરાવાળી પ્રાથમિક શાળાથી લઈ વિરાટ વિશ્વવિદ્યાલયોનું, નાની લુહારી કોઢથી લઈ મહાકાય ફાઉન્ડ્રીઓ અને રીફાઈનરીઓનું, શેરીના પાનના ગલ્લાથી લઈ ગજકાય 'મૉલ'નું સંચાલન કરવું તે આજે માણસ માટે ડાબા હાથની રમત છે. સાથે-સાથે ખ્યાતનામ વિશ્વવિદ્યાલયોમાં અનુભવી અધ્યાપકો દ્વારા પીરસાતુ 'સંચાલન' કે 'પ્રબંધન'નું જ્ઞાન જે તે વ્યક્તિની 'સંચાલન' કળાને વધુ ધારદાર બનાવી રહ્યું છે.

પરંતુ, મેનેજમેન્ટ ક્ષેત્રમાં એક સારી અને ન ગમે તેવી વાસ્તવિકતા સંચાલનકર્તાઓએ સ્વીકારવી પડી છે કે ધંધા-વ્યાપારમાં યંત્ર અને નાણાના પ્રબંધન કરતા માનવ પ્રબંધનનું મહત્ત્વ વિશેષ છે.

અમેરિકન પ્રમુખ રૂઝવેલ્ટે કહ્યું છે કે, 'The most important single ingredient in the formula of success is knowing how to get along with people.'- 'સફળતાના સૂત્રમાં મહત્ત્વનું તત્ત્વ જો કોઈ હોય તો તે માણસ સાથે કઈ રીતે રહેવું, કાર્ય કરવું તે છે.'

એકવાર એક વિશાળ બહુરાષ્ટ્રિય કોર્પોરેશનના પ્રમુખને પૂછવામાં આવ્યું કે, 'હકીકતે તેઓ શેનું ઉત્પાદન કરે છે?' ત્યારે તેઓએ કહેલું 'હું કોઈ વાહનો બનાવતો નથી કે પગરખાંની દોરી પણ તૈયાર કરતો નથી. હું માત્ર માણસો તૈયાર કરું છું, બાકીનું કામ માણસો સંભાળી લે છે.'

કોર્પોરેશનના એક સંચાલકની આ નિખાલસ કબૂલાત જ જણાવે છે કે પ્રબંધનમાં માનવનું અસ્તિત્વ મહત્ત્વનું છે. અંગ્રેજી ભાષાની દૃષ્ટિએ Management શબ્દની શરૂઆતમાં જ 'Man' છે. ટૂંકમાં, કંપનીઓનું સંચાલન એટલે માનવીઓનું સંચાલન, માનવસંબંધોનું સંચાલન.

મહાપુરુષોના જીવનમાં ડોકીયું કરીએ તો તેઓએ આ વાસ્તવિકતાને ક્યારેય વિસારી નથી. બી.એ.પી.એસ.નું ૬૫ વર્ષ સુધી સંચાલન કરનાર પ્રમુખસ્વામી મહારાજે માનવસંબંધો અને માનવ લાગણીઓને મહત્ત્વ આપ્યું છે. તેઓએ જીવનભર નિઃસ્વાર્થભાવે માણસોને સાંભળ્યા છે અને સંભાળ્યા છે. આ ગુણ એમનામાં સાહજિક હતો. તા. ૭/૭/૨૦૦૯ના રોજ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ સંસ્થાના ગાદીસ્થાન એવા બોચાસણ ખાતે બિરાજમાન હતા. આજે, ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ભારતના ખ્યાતનામ IIM ઈન્દોરના ડાયરેક્ટર શ્રીરવિચંદ્રન દર્શન માટે પધારેલા. પ્રબંધન સંસ્થાના ઈન્દોર ખાતેના શૈક્ષણિક સંકુલના વિકાસ-વિસ્તારમાં તેઓએ ખૂબ પુરુષાર્થ કરેલો છે.

પ્રમુખસ્વામી મહારાજ સાથેની તેઓની આ પ્રથમ મુલાકાતમાં જ તેઓને સ્વામીશ્રીની વિનમ્રતા, સરળતા અને સાધુતા સ્પર્શી હતી.

શ્રીરવિચંદ્રન સાહેબ ઈન્દોરથી મોટર માર્ગે આખી રાતની મુસાફરી કરીને પધાર્યા હતા. આ વાતની જાણ થતા જ પ્રમુખસ્વામી મહારાજે વ્યવસ્થાપક સંતોને જણાવેલું કે, 'સાહેબને કહેજો કે ઉજાગરો કરીને આવ્યા છે. તો આરામ કરીને નીકળે. જેથી તેમને અને તેમના ડ્રાઈવરને પણ આરામ મળી જાય. તેણે સતત ગાડી ચલાવી હશે.'

આ વાત જ્યારે સંતોએ શ્રીરવિચંદ્રન સાહેબને જણાવી ત્યારે આ Management મહારથી બોલી ઊઠ્યા કે 'આ એવી બાબત છે જે IIMમાં નથી ભણાવતા. અમે વિદ્યાર્થીઓને બીજું ઘણું શીખવીએ છીએ, પરંતુ લોકોની સંભાળ લેવાનું મહત્ત્વનું કામ ચૂકાઈ જાય છે.'

એક ચિંતકે કહ્યું છે, 'Nobody cares how much you know, until they know how much you care.' - તમે કેટલું જાણો છો તેની કોઈને દરકાર નથી પણ તમે કેટલી દરકાર કરો છો એને જ સૌ જાણે છે.'

સંચાલનની સાચી સફળતા માનવીની સાર - સંભાળમાં છે. તો આવો, આપણે પણ એક સફળ સંચાલક બનીએ. સંચાલનને સાર્થક બનાવીએ.

sanskar@sandesh.com

જરૂરિયાત અને વૈભવ

સાંપ્રત સમયમાં આજનું વેચાણમાં આવેલું ઉત્પાદન આવતી કાલે જૂનું થઈ જાય, એટલી હદે ચીજવસ્તુઓ બજારમાં ઠલવાઈ રહી છે. વસ્તુઓનો આ ભરાવો માનવીના મનને ચકરાવે ચડાવી દે છે, તેથી તેને પોતાની પાસે જે છે તે પુરાણું લાગવા માંડે છે

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

એક વખત દિલ્હીની તાજ હોટેલમાં વિશ્વકીય સ્તરની કોન્ફરન્સ યોજાઈ. જેમાં વિશ્વના ખ્યાતનામ IT એન્જિનિયરો અને અગ્રણીઓ હાજર થયા. આ સમગ્ર કોન્ફરન્સમાં IT ક્ષેત્રવિષયક ઘણી બધી માહિતીઓની આપ-લે થયા બાદ અંતમાં પ્રવક્તાએ કોન્ફરન્સના chairperson તરીકે ટી.વિશ્વનાથનને મંચ પર પધારવા આમંત્રણ આપ્યું. ત્યાં ઉપસ્થિત દરેકના મનમાં હતું કે કોઈક કોટ, પાટલૂન અને ચમકતાં બૂટમાં સજ્જ વેલ એજ્યુકેટેડ માણસ અમને IT ક્ષેત્રનું ઊંડાણભર્યું માર્ગદર્શન આપશે, પરંતુ જ્યારે વિશ્વનાથન ઊભા થયા ત્યારે બધાની આંખો આશ્ચર્યથી ચમકી ગઈ. વધેલી દાઢી, સાદો ઝભ્ભો, નીચે ધોતિયું અને પગમાં ચાખડી. આ વેશમાં તેઓ મંચ પર વક્તવ્ય આપવા પધાર્યા, કેટલાકને મનમાં એમ પણ થયું કે 'આ અમને શું માર્ગદર્શન આપશે?', પરંતુ સતત ત્રણ કલાક સુધી મલ્ટિ મીડિયાવિષયક ઊંડાણભર્યું દળદાર પ્રવચન જ્યારે તેમણે સંભળાવ્યું, ત્યારે ત્યાં ઉપસ્થિત બધાના ચહેરા પર અપાર આશ્ચર્યનું મોજું ફરી વળ્યું અને જોરદાર તાળીઓના ગડગડાટ સાથે તેમને વધાવી લીધા.

લોકોને તેમના IT વિષયક જ્ઞાનનો જેટલો ભાર પડ્યો, તેનાથી પણ વધારે ભાર તેમની સાદાઈનો પડ્યો.

સાંપ્રત સમયમાં આજનું વેચાણમાં આવેલું ઉત્પાદન આવતી કાલે જૂનું થઈ જાય,એટલી હદે ચીજવસ્તુઓ બજારમાં ઠલવાઈ રહી છે. વસ્તુઓનો આ ભરાવો માનવીના મનને ચકરાવે ચડાવી દે છે, તેથી તેને પોતાની પાસે જે છે તે પુરાણું લાગવા માંડે છે. માર્કેટમાં નવો ફોન આવતાં જ પોતાની પાસે રહેલો ફોન માનવીને નકામો લાગવા માંડે. બજારમાં નવાં બૂટ - ચંપલ મુકાતાં વ્યક્તિને પોતાનાં જોડાં જુગજૂનાં થઈ જાય છે, પરંતુ દરેકની ખરીદશક્તિ સીમિત હોવાને કારણે તે જે નવું આવે તેને ઘરમાં વસાવી નથી શકતો. આથી મનુષ્યને અધૂરપનો અહેસાસ અનુભવાય છે. કેટલાંક કુટુંબોમાં તો કંકાસ પણ વકરે છે, કારણ કે ઘરના સભ્યો જે નવી વસ્તુની માગણી મૂકે તે સંતોષવાની ત્રેવડ ઘરના મોભી પાસે ન હોય, તેથી શરૂ થયેલી ચડભડ ક્યારેક તો મારામારી સુધી પહોંચી જાય છે, તો વળી ક્યારેક કોર્ટ કે હોસ્પિટલોના દરવાજા ખખડાવે છે. પિતા દ્વારા વસ્તુઓ ન મળતાં ઘણી વાર તો સંતાનો ચોરીના રવાડે પણ ચડી જાય છે.

ઉપરોક્ત આંતરિક અને પારિવારિક ક્લેશ ટાળવા માટે સંયમ અને સાદગીના પાઠ શીખવા જરૂરી જણાય છે.

પ્રમુખસ્વામી મહારાજ તા. ૧૫/૮/૧૯૭૭ ના રોજ તેઓની આંખોના બદલાયેલા નંબર અનુસાર નવાં ચશ્માં કરાવવા માટે ન્યૂ યોર્કમાં રહેતા જર્મન તબીબ પાસે પહોંચેલા. આ નિષ્ણાતે જરૂરી તપાસ કરી નવા નંબર મુજબનાં ચશ્માં નવી ફ્રેમમાં બનાવી દેવાની તત્પરતા દાખવી ત્યારે સ્વામીજીએ જણાવ્યું, 'જૂની ફ્રેમમાં જ નવા કાચ ફિટ કરી આપો.' આ સાંભળી સાથે આવેલા હરિભક્ત ચંદ્રકાંતભાઈએ વિનંતી કરી કે 'સ્વામીજી! ફ્રેમ જૂની થઈ ગઈ છે. બદલી નાખોને!' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'મારે જોવાનું ફ્રેમમાંથી છે કે કાચમાંથી?' તેઓની આ ધારદાર દલીલ સામે કોઈ કાંઈ ન બોલી શક્યું, આથી નવા કાચ જૂની ફ્રેમમાં જ જડાયા, સાથે સાથે સ્વામીશ્રીની સાદગી પણ સૌનાં હૈયે જડાઈ ગઈ.

અમેરિકન વિચારક એમર્સને તારણ આપ્યું છે કે 'To be simple is to be great.' સાદાઈ માણસને ખુમારી અને તાકાત આપે છે.

આવી ખુમારીનું દર્શન સરદાર પટેલના જીવનમાં પણ થયું છે. તેઓનાં ચશ્માંનું ખોખું વીસ વર્ષ જૂનું હતું. ચશ્માંને પણ એક જ દાંડી હતી. બીજી તરફ દોરો હતો. તેઓની ઘડિયાળ ત્રીસ વર્ષ જૂની હતી. તેઓ કેવળ ચાર જોડી કપડાંથી ચલાવતા અને જ્યારે તેઓ અવસાન પામ્યા ત્યારે તેઓના ખાતામાં માત્ર ૨૩૬ રૂપિયા જ હતા! તેમ છતાં અંગ્રેજોના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ પણ તેમને મળતા ગભરાય એવી ખુમારીથી જીવન જીવતા. આવા મહાપુરુષોની છબીઓ દીવાલની સાથે કંઈકનાં દિલમાં પણ વસી જાય છે.

ઉપરની ટાપટીપ કેવળ લોકો ઉપર ઉપરછલ્લો ભાર ઉપજાવે છે. જ્યારે અંતરની સાદગી લોકોને અંતરથી આદર નિપજાવે છે. તો એ માર્ગ કેમ ન ચાલીએ?

sanskar@sandesh.com

સંબંધોની માવજત કરવી છે?

મોટે ભાગે આપણે આપણી રોજનીશીમાં એટલા બધા ડૂબેલા હોઈએ છીએ કે આપણને આપણી અગત્યની બાબતો પણ ધ્યાનમાં નથી આવતી. પણ સમય કાઢીને પણ આપણે આ બાબતનો વિચાર કરવા જેવો તો છે જ...

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વૉલ્ટર સ્કોટ જ્યારે બાળક હતા ત્યારે મંદબુદ્ધિવાળા હતા. સ્કૂલમાં એક ખૂણામાં પોતે બેસી રહેતા. એક પ્રસિદ્ધ કવિ રોબર્ટ બર્ન્સ વોલ્ટરના ઘરે ગયા. ત્યાં એક છત્રી નીચે એક નાની કવિતા લખી હતી. બર્ન્સે આ કવિતા વાંચી પૂછ્યું કે, 'આ કોણે લખી છે?' ધીમે રહીને આ બાળકે કહ્યું કે, 'મેં લખી છે.' બર્ન્સે આ બાળકને સહજતાથી કહ્યું, 'તમે સ્કોટલેન્ડ પ્રદેશમાં મોટા માણસ થશો.' આ વાત સાંભળીને વોલ્ટરમાં એક અલગ પ્રકારના આત્મવિશ્વાસનો સંચાર થયો. એટલું જ નહીં, ખરેખર તેઓ આગળ જતાં તે એક મોટા કવિ થયા.

અબ્રાહમ લિંકનની વાત પણ આવી જ છે. તેઓની માતાએ મરતી વખતે તેમને પાસે બોલાવીને કહ્યું હતું કે, 'બેટા, તું હજી બાળક છે, પણ તારી શક્તિઓ જોતાં મને લાગે છે કે તું મહાન બનીશ.' આ શબ્દોએ લિંકનને મહાન બનવાની પ્રેરણા આપી.

આથી જ કોઈ લેખકે લખ્યું છે કે,
'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યાં રાજ;
જેણે શબ્દ વિચાર્યા, તેના સર્યા કાજ.'

શબ્દોની તાકાત ગજબની છે. તે મરતા માણસને બેઠો પણ કરી શકે અને જીવતા માણસને મારી પણ શકે. આપણને ખ્યાલ નથી આવતો પણ પ્રશંસાના બે શબ્દો પણ સામેવાળી વ્યક્તિમાં ખરેખરું જોમ પ્રેરી દે છે.

૨૦૦૧ની સાલનો પ્રસંગ છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાળંગપુરમાં વિરાજમાન હતા. અહીં સંત તાલીમ કેન્દ્રમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર એક વર્ગના સંતો ભગવદ ગીતા અભ્યાસ કરતા હતા. આયોજન એવું ગોઠવાયું હતું કે સ્વામીશ્રી જ્યારે ભોજન ગ્રહણ કરે ત્યારે આ વર્ગના સંતો ગીતાના જુદા જુદા વિષયો ઉપર પ્રવચન પ્રસ્તુત કરે. નિત્યક્રમ એવો થતો કે એક બાજુ સ્વામીશ્રીનું પ્રવચન પૂરું થાય અને બીજી બાજુ વક્તા સંતનું પ્રવચન પૂર્ણ થાય. વક્તવ્ય પૂર્ણ થતાં તે સંત સ્વામીશ્રી પાસે આશીર્વાદ મેળવવા જાય અને પછી સ્વામીશ્રી પણ તે સંતે રજૂ કરેલા પ્રવચનમાં સારા મુદ્દા યાદ કરી રાજીપો દર્શાવે.

એક વખત એવું થયું કે એક સંતનું પ્રવચન સમયમર્યાદા કરતાં થોડું લાંબું ચાલ્યું. આ બાજુ સ્વામીશ્રીનું ભોજન પૂર્ણ થયું અને ત્યાં જ અગત્યની મિટિંગ કરવા માટે કેટલાક વરિષ્ઠ સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. આથી પ્રવચન કરનાર સંત જ્યારે પ્રવચન પૂરું કરીને સ્વામીશ્રી પાસે ગયા ત્યારે સ્વામીશ્રી મિટિંગમાં પરોવાયેલા હોવાથી તેઓને મળી ન શક્યા.

પછી તો મિટિંગ પૂર્ણ થઈ અને સ્વામીશ્રી શયન માટે શય્યા પર વિરાજ્યા. ત્યાં જ તેઓએ સેવક સંતોને કહ્યું કે, 'પેલા પ્રવચન કરનાર સંતને બોલાવોને!' કક્ષની લાઈટો પણ બંધ થઈ ગઈ હતી છતાં સ્વામીશ્રીએ આવો આદેશ આપ્યો એટલે સેવક સંતોને થયું કે કંઈક અગત્યનું કામ હશે. પેલા સંતને સમાચાર મળતાં તેઓ એ સ્વામીશ્રીના કક્ષ પાસે દોડી પહોંચ્યા. ધીમાં પગલે તેઓ સ્વામીશ્રી પાસે પહોંચ્યા તો સ્વામીશ્રી તેઓને કહે કે, 'આજે તમે ખૂબ સુંદર પ્રવચન કર્યું.' પેલા સંત તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

પ્રમુખસ્વામી મહારાજ આટલી વિશાળ સંસ્થાનું વહન કરવા છતાં એમાં પાંગરતી નાની નાની કડીઓની પણ આવી દરકાર રાખતા.

શું આપણે આપણા જીવનમાં પ્રશંસાને ક્યારેય અગ્ર ક્રમ આપ્યો છે? ૨૫ વર્ષથી લગ્ન થયાં હોય પણ આપણે એક વખત પણ આપણી પત્નીને કહ્યું છે કે, 'આજે સરસ કઢી બનાવી છે.'

એક વખત પણ આપણા સંતાનને કહ્યું છે કે, 'તું ક્રિકેટ સારું રમે છે.'

એક વખત પણ માતાપિતાને કહ્યું છે કે, 'આપે મારી ખૂબ સંભાળ લીધી છે.'

મોટે ભાગે આપણે આપણી રોજનીશીમાં એટલા બધા ડૂબેલા હોઈએ છીએ કે આપણને આવી અગત્યની બાબતો પણ ધ્યાનમાં નથી આવતી. પણ સમય કાઢીને પણ આપણે આ બાબતનો વિચાર કરવા જેવો તો છે જ, કારણ કે આપણે પરિવારના સભ્યો ભલે રોજ ઝઘડતા હોઈએ પણ એક વાત પણ નક્કી છે કે એકબીજા વગર ચાલતું પણ નથી અને એકબીજા વગર ગમતું પણ નથી. ભગવાને આપેલા આ સંબંધોની માવજત કરવી તો આપણા જ હાથમાં છેને! તો શું કામ એ માવજત કરવાના અનેક આયામો પૈકીનું આ પ્રશંસા રૂપી સાધન આપણે ન પ્રયોજીએ?

પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાથી આપણે શેની બચત કરી શકીશું? અને એમાં ઉદારતા દાખવવાથી શેનો વ્યય કરી બેસીશું? આ વિચારવા જેવી બાબત છે.

sanskar@sandesh.com